
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૨ || અંક: ૩ || માર્ચ ૨૦૨૦ || સળંગ અંક : ૫૮૧

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in




ચારુતર વિદ્યામંડળ સંચાલિત વી. પી. એન્ડ આર. પી. ટી. પી. સાયન્સ કોલેજનું રાષ્ટ્રીય કક્ષાની બેંગ્લુરુની નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ(NAAC) દ્વારા પુનઃ મુલ્યાંકનમાં (થર્ડ સાયકલ) 'એ' ગ્રેડ અર્પણ કરવામાં આવેલ છે. તાજેતરમાં થયેલ સમિતિની આ મુલાકાત દરમ્યાન કાઉન્સિલના સભ્યો ચેરમેન પ્રો. સુહાસ પેડણેકર, મેમ્બર કોર્ડીનેટર પ્રો. રાજેન્દ્રર છિલ્લર, મેમ્બર ડૉ. ગદાન્ગી ઈન્દિરા દ્વારા કોલેજની ધરોહર, વૈભવ, જ્ઞાનની પરાકાષ્ઠા, સંશાધનો, સુસજ્જતા, વ્યવસ્થાપન વગેરેનું સુક્ષ્માતિસક્ષ્મ નિરીક્ષણ કરી કોલેજને સીજીપીએ ૩.૧૩ અંક સાથે 'એ' ગ્રેડ આપી નવાજવામાં આવેલ છે. તસવીરમાં NAAC પીયર ટીમ દ્વારા તૈયાર કરાયેલ સંસ્થાનો રીપોર્ટ સ્વીકારતા કોલેજના આચાર્ય ડૉ. ભાવેશ પટેલ તથા આઈ ક્યુ.એ.સી.ના કોર્ડીનેટર ડો. નિકુંજ ભટ્ટ દશ્યમાન થાય છે




ચારુતર વિદ્યામંડળ સંચાલિત મધુબેન એન્ડ ભાનુભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના ગણિતશાસ્ત્ર વિભાગ તેમજ ઈન્ડિયન સોસાયટી ફોર હિસ્ટ્રી ઓફ મેથેમેટીક્સના સંયુક્ત ઉપક્રમે 'ગણિતના ઈતિહાસ, વિકાસ તેમજ વિજ્ઞાન અને તકનીકી ક્ષેત્રે ઉપયોગીતા' વિષય ઉપર ત્રણ-દિવસીય આંતરરાષ્ટ્રિય કોન્ફરન્સ નિમિત્તે સોવેનીયર તથા એબસ્ટ્રેક્ટ બુકનું વિમોચન કરતા શ્રી હેમલભાઈ પટેલ (ડાયરેક્ટર, ટ્રાઈકોન પ્રા. લિ.), મુખ્ય પેટ્રોન એન્જી. શ્રી ભીખુભાઈ પટેલ (મા. ચેરમેનશ્રી, ચારુતર વિદ્યામંડળ), અતિથિ વિશેષ પ્રો. કિમ પ્લોફકર (યુ.એસ.એ), કોન્ફરન્સ ચેરમેન પ્રો. એસ. જી. દાણી (પ્રેસીડેન્ટ, ISHM), પેટ્રોન શ્રી આર. સી. તલાટી (માનદ્ સેક્રેટરી, ચારુતર વિદ્યા મંડળ), પ્રો. એમ. સી. જોષી (સેક્રેટરી, ISHM), પ્રો. ડૉ. અચના નાનોટી (પ્રિન્સપાલ તથા કોન્ફરન્સ પ્રેસીટેન્ડ), ડૉ. દશના પ્રજાપતિ (એસો. પ્રોફેસર તથા ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી). ઈન્સેટમાં દિપ પ્રાગટ્ય કરતા મહાનુભાવો નજરે પડે છે.




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

માર્ચ - ૨૦૨૦

વર્ષઃ ૨૨ અંકઃ ૦૩

સળંગ અંકઃ ૫૮૧

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષઃ ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते ।

અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ • શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ

તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર.પી. પટેલ

સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**निशाः शशाङ्कक्षतनीलराजयः क्वचिद्विचित्रं जलयन्त्रमन्दिरम्।**
**मणिप्रकाराः सरसं च चन्दनं शुचौ प्रिये यान्ति जनस्य सेव्यताम्।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

હે પ્રિયે! चन्द्र-किरणयुक्त रात, कहीं-कहीं चित्र-विचित्र फव्वारेदार मकान, अनेक भाँति के रत्न आदि मणि और रसयुक्त चन्दन, इस ऋतु में जन-समूह के ये ही पदार्थ सेवनीय हैं।


|| અતીતની અટારીએથી : ભાઈકાકાના શબ્દો ||
**» સ્વપ્ન લઈને આવ્યો............................ ૦૩**

|| પ્રાથમ્ય || સ્વ સાથે સંવાદ
**» એસ.જી.પટેલ.................................. ૦૬**

|| આપણો વૈભવ અને વારસો || (પદ્ય વિભાગ)
**» કવિ સુન્દરમ્ .................................. ૦૮**

ઈશ્વરનું સરનામું ....
**» સૂર્યકાંત વૈષ્ણવ .............................. ૦૯**

|| નવાં કાવ્યો ||
**» રામચન્દ્ર પટેલ, મુશ્તાક એમ. શેખ, હાર્દિક વ્યાસ, કીશોર મોદી........................................ ૧૦**

|| આપણો વૈભવ અને વારસો || (ગદ્ય વિભાગ)
શિક્ષણ-ભાવના અને ધ્યેય
**» ડોલરરાય માંકડ ................................ ૧૨**

|| ચિંતન || ભારતીય જીવનદૃષ્ટિ
**» નરેશ વેદ ....................................... ૧૪**

|| વિશેષ || બ્રહ્મસૂત્ર
**» ગિરીશ જાની.................................... ૧૭**

|| લલિત નિબંધ || ધુમાડો હવાના પૃષ્ઠ પર કૃષ્ણનું ચિત્ર દોરે છે!
**» રમેશ પટેલ ...................................... ૧૮**

|| અવલોકન || સર્જકશક્તિનો અનેરો આયામ
**» અજય પાઠક ...................................... ૧૯**

|| આ માસનું ચિંતન || ચિંતન-૨
**» ગૌરીશ પોરીઆ.................................. ૨૧**

|| સમીક્ષા || હિરા-મોતી ચારોઃ રસપ્રદ લેખન સામગ્રીનો સંચય
**» અમિત ચૌહાણ ................................. ૨૨**

|| લઘુકથા || રોકાણ
**» નટવર આહલપરા.............................. ૨૩**

|| પ્રતિભાવ || જીવનનું બળ, શબ્દનો સાથ
**» મનસુખ સલ્લા.................................. ૨૪**

|| રમત-જગત || ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપ-૨૦૨૦
**» પી.ડી.શર્મા ...................................... ૨૭**

|| વિદ્યાવૃત્ત ||
**» ૧૩, ૧૬, ૨૦, ૨૧, ૨૩, ૨૯, ૩૦, ૩૧**

# સ્વપ્ન લઈને આવ્યો

આ સભા પૂરી થયા પછી શ્રી ભીખાભાઈએ આણંદ શહેરમાં પાંચ-છ સભાઓ ભરી લોકમત તૈયાર કર્યો. જમીન માટે કમિટી નિમાઈ ગઈ અને કમિટીના સભ્યોએ બધાને સર્વાનુમતે ખેતીવાડી ફાર્મ નજીકની જમીન પસંદ કરી. સાથે ચરો હતો. તે જમીન રમતગમતો માટે ઉપયોગમાં આવે એ પણ દૃષ્ટિ ખરી અને ખેતીવાડી નજીક હોય તો એક સુંદર રેસિડેન્શિયલ સંસ્થા ઊભી થાય. તે વખત તો ત્યાં ખેતીવાડી ફાર્મ અને ખેતીવાડી સ્કૂલ હતી પણ ત્યાં ખેતીવાડી કોલેજ થશે એવી બધાને શ્રદ્ધા હતી. જમીનના નકશા થયા. તલાટીએ, સર્કલ ઇન્સ્પેક્ટરે બધાએ મદદ કરી અને નકશા કરી આપ્યા. સર્વે નંબરના ક્ષેત્રફળ અને તેના માલિકના નામનું પત્રક પણ અમારી પાસે આવી ગયું. એ જમીનમાં ૩૦ ટકા જમીનના માલિકો પાટીદારો અને બ્રાહ્મણો હતા. એમણે તો એમની જમીન મફત આપવાનું નક્કી કર્યું પણ બાકીની ૭૦ ટકા જમીનના માલિકો ક્ષત્રિયો હતા. એમની જમીન તો વેચાતી લેવાની હતી. તેને માટે પૈસા ભેગા કરવા કંઈ ગોઠવણ કરી શકાઈ નહિ અને વાટાઘાટોમાં વરસ નીકળી ગયું, છેવટે મને ખાતરી થઈ કે આણંદમાં જમીન મળે એમ લાગતું નથી. ૧૯૪૫ના માર્ચમાં સોસાયટીની ગવર્નિંગ બોડીની મીટિંગ હતી તેમાં હાજર રહેવા શ્રી ભીખાભાઈ આવ્યા હતા એટલે મે ભીખાભાઈને વાત કરી : આણંદમાં તો જમીન મળે એમ લાગતું નથી જેથી આણંદથી પાંચ માઈલના વિસ્તારમાં ગમે તે ગામ જો આપણને જમીન આપે તો આપણે આપણી યોજના ત્યાં લઈ જઈએ. આણંદથી ત્યાં સુધી રસ્તો કરવો એ બહુ સહેલી વાત છે. એની કંઈ મુશ્કેલી નહિ પડે પણ આપણે દૂર જઈએ તો બાળમંદિર, પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલના સ્ટાફના માણસો માટે ત્યાં વ્યવસ્થા કરવી પડશે. માટે બસો વીઘાંને બદલે આપણે અઢીસો વીઘાંની માગણી કરો.

આ મીટિંગ વખતે નાપાડના ઉમેદભાઈએ ૫૦૦ વીઘાં જમીન આપવાનું કહ્યું. એ જમીન હું જોઈ આવ્યો. મને પસંદ પડી. ૧૯૪૫ના માર્ચની ૩૧મી તારીખે ઉમેદભાઈ જમીનનો નકશો લાવ્યા. સર્વે નંબરના ક્ષેત્રફળ લાવ્યા અને એના માલિકોની સહી લેતા આવ્યા કે આ શરતે અમે જમીન આપવા ખુશી છીએ એટલે આ રીતે યોજના માટે સૌથી પહેલાં મારા હાથમાં ૫૦૦ વીઘાંની દેણગી આવી ગઈ.

એપ્રિલની શરૂઆતમાં ભીખાભાઈ મુંબઈથી આવી ગયા હતા. જમીન મળી એવી મે એમને ખબર મોકલાવી હતી એટલે એમના પગમાં પણ જોર આવ્યું ને સંસ્થાઓનાં બંધારણ બધાં ઘડી નાખ્યાં. ત્યાંથી ભીખાભાઈને મુંબઈ સેનેટમાં જવાનું હતું અને મારે સુરતના વૉટર વર્ક્સ માટે જવાનું હતું જેથી અમે બંને વિરમગામ લોકલમાં જવા તૈયાર થયા. આણંદ સ્ટેશન ઉપર શ્રી નટવરસિંહ સોલંકી અમને મળ્યા. એમણે ભીખાભાઈના હાથ નીચે અભ્યાસ કરેલો એટલે ભીખાભાઈને જોતાં જ એ મળવા આવ્યા. ત્યાં ભીખાભાઈએ એમને આ યોજના સંબંધે વાત કરી અને નાપાડમાં ૫૦૦ વીઘાં જમીન મળી છે એની પણ વાત કરી. નટવરસિંહે કહ્યું કે નાપાડ તો અતડું પડશે. વળી નવો રસ્તો કરવો પડશે પણ હું તમને નાવલી સ્ટેશનથી એક ફર્લાંગ દૂર અમારો હજાર વીઘાંનો ચરો મફત આપું. ત્યાં તમે તમારી સંસ્થાઓ કરો. અડધી જમીન મારે પ્લૉટ રૂપમાં પાછી જોઈતી નથી. એ વેચીને એ પૈસા તમે કોલેજમાં વાપરજો. નાવલી સ્ટેશનથી ચરા સુધી રેલવે સાઈડિંગ નાખવી પડે તો તે માટેની જમીન પણ હું ખાનગી ખેતરોમાંથી અપાવીશ. આ ચરાના અમે બે જ માલિક છીએ. અમારી બંનેની સહી આવે એટલે તમને ચરો મળી જશે. બીજા કોઈ પાસે જવાની ભાંજગડ નથી. જમીન ઇનામી છે એટલે એમાં સરકારી ડખલ નથી. તમારે બાંધકામ કરવા માટે કે ઈંટો પાડવા માટે કોઈની પરવાનગી પણ માગવી નહિ પડે. ગામમાં કૉલેજો થાય, ગામને વૉટર વર્ક્સ મળે, વીજળી મળે અને ગામની જાહોજલાલી વધે. તમે મોગર આવો. ચરામાં ઝાડ ઊગેલાં છે તે કાપીને તેનો ઉપયોગ ઈંટો પાડવામાં કરજો તેનો અમારે વાંધો નથી. આ વાત તો મને

ઘણી ગમી અને એમને કહ્યું કે, અત્યારે તો હું સુરત જઉ છું. મેની શરૂઆતમાં હું પાછો ફરીશ ત્યારે મોગર તમારી જમીન જોવા આવીશ. આ વાત ઝપાટાબંધ લોકોમાં ફેલાઈ ગઈ.

મેની આઠમી તારીખે હું સુરતથી આણંદ આવ્યો. જમીને સોસાયટીના ગેસ્ટ હાઉસમાં બેઠો'તો એટલામાં બાકરોલના શ્રી પુરુષોત્તમદાસ દેવજીભાઈ અને શ્રી ચિમનભાઈ દેસાઈ મોટર લઈને આવ્યા. પશાભાઈએ મને કહ્યું કે અમે સાંભળ્યું છે કે તમે મોગરમાં કોલેજો કરવાનું નક્કી કર્યું છે પણ મોગર જવા-આવવાની સડક નથી. તમે મારી સાથે આવો. હું આણંદ-નડિયાદ રોડ ઉપર રોડને લાગુ તમને બાકરોલની જમીન બતાવું. ત્યાં જો કોલેજો થાય તો જિલ્લાના બધા વિદ્યાર્થીઓને વધારે લાભ થાય. હું મોટર લઈ આવ્યો છું. મારી સાથે ચાલો અને જમીન જુઓ. હું પશાભાઈ સાથે જમીન જોવા ગયો. આણંદ-નડિયાદની સડકથી બાકરોલની કાચી સડક જાય છે ત્યાંથી લઈ લાંભવેલના હનુમાન સુધીની બધી જમીન બાકરોલ ગામની છે. સડક ઉપર બરાબર એક માઈલને લાગુ આ જમીન આવેલી છે, એ જમીન મને બતાવી. ચાલતાં ચાલતાં અંદર પણ અમે એકાદ માઈલ ફર્યા. મકાનો માટે જમીન તો બહુ અનુકૂળ હતી કારણ ગોરાડું જમીન હતી. એ જોયા પછીથી અમે બાકરોલ ગામમાં ગયા. ચોરામાં ગયા ત્યાં પશાભાઈએ ગામના આગેવાનોને ભેગા કર્યા અને મારા હાથમાં બાકરોલ ગામનો નકશો મૂક્યો. સાથે પેન્સિલ આપી અને કહ્યું કે, તમારે જેટલી જમીન જોઈતી હોય તે આ નકશામાં લીટી દોરો. એ જમીન અમે તમને આપી દીધી. ગામ લોકોને પૂછ્યું : કેમ આપણે અહીં કોલેજો કરવી છે ને? આપણે જેટલી જમીન આપીશું તેમાંથી સંસ્થા અડધી લેવાની છે. બાકીની અડધીમાં તે ટાઉન પ્લાનિંગ કરી આપણને પ્લૉટ પાછા આપવાના છે જેથી આપણને કંઈ નુકસાન નથી. ઊલટો લાભ છે. લોકો આ વાત સમજી ગયા અને એકી અવાજે જમીન આપવાની હા પાડી.

મેની દસમીએ મારે અમદાવાદ જવાનું હતું. ગાંધીજીનો આશ્રમ ધોવાતો હતો અને એના બચાવનાં બધાં કામ મારે કરવાનાં હતાં. આશ્રમમાં નાથાકાકાને મેં જોઈતી સૂચના આપી હતી અને એમણે બધો માલસામાન તૈયાર રાખ્યો હતો. હું અમદાવાદ ગયો, તે વખતે સિમેન્ટ કે લોઢું તો મળે એમ ન હતું. એટલે અમે ઈંટો અને રોડાં ભેગાં કરાવ્યાં હતાં અને આબુથી ચૂનો મંગાવ્યો હતો. અમદાવાદમાં તો ચૂનાની સાથે મિલોમાંથી ક્લોરિન કાઢી લીધા પછીથી જે મીઠાનો ભાગ રહે તેનો ભેગ થતો. એટલે અમદાવાદનો ચૂનો તો માટી કરતાં પણ નકામો હતો. એટલે મારા કામ માટે હું હંમેશ આબુથી ચૂનો મંગાવતો. આશ્રમના બચાવ માટે જે કામ કરવાનાં તે સ્થળ આગળ રેલવેના પુલના પિયરોને લીધે પાણીનો સીધો મારો રહેતો. અને જમીન ધોવાતી આ સ્થળે મારે કામ લેવાનું હતું. સિમેન્ટ ન હતો, લોઢું ન હતું, પાયો રેતીમાં ખોદવાનો હતો. એમાં રેતી અટકાવવા પાટિયાં ન હતાં. પાણી ઉલેચવા પંપ ન હતો. એટલે રેતી ઉપર જ પાયાના કોંક્રિટ નાખી એના ઉપર ઈંટ-ચૂનાના કોંક્રિટથી કામ લેવાનું હતું . પહેલાં બે વખત ઘણું મજબૂત કામ કરવા છતાં ય એ કામ ખેંચાઇ ગયું હતું . કારણ ડિઝાઈન ખોટી હતી. મારી ડિઝાઈનમાં મને વિશ્વાસ હતો અને તેથી જ આ કામની જવાબદારી મેં લીધી હતી.

મહાત્માજીએ આશ્રમ બચાવવાનું કામ કસ્તુરભાઈ શેઠને સોપ્યું હતું. તેમણે કરાવેલા અંદાજ પ્રમાણે સાડાચાર લાખ રૂપિયા થતા હતા. એટલે તેમણે આ કામ હાથ ઉપર નહિ લીધેલું. દાદાસાહેબ માવલંકરે કોઈ રસ્તો કાઢી આપવા મને કહ્યું. મેં એક લાખ રૂપિયામાં તે કરી આપવા કહ્યું. જે સાલ મારી પાસે આ વાત મુકાઈ તે સાલ, મોડું થયું હોવાને કારણે ત્રીસ હજાર રૂપિયામાં ગાંધીજીને રહેવાનું સ્થળ અને તેમની પ્રાર્થનાભૂમિ કરી આપવાનું મેં કહેલું. દાદાસાહેબે કસ્તુરભાઈને આ વાત કરી. કસ્તુરભાઈ શેઠે કહ્યું : ત્રીસ હજારમાં શું બની શકે?' એમણે કહ્યું : પણ ઇજનેર કહે છે.' એટલે કસ્તુરભાઈ શેઠે જવાબ આપેલો : કોઈ ગાંડો ઇજનેર હશે.' દાદાસાહેબે કહ્યું : ભાઈલાલભાઈ, આ વાત કહે છે.' એટલે પૂછ્યું,

કયા ભાઈલાલભાઈ? મ્યુનિસિપાલિટીમાં હતા એ?' દાદાસાહેબે હા પાડી. એટલે કસ્તુરભાઈ શેઠે કહ્યું : તમે એમને મને મેળવી આપો એટલે હું વાત કરી લઉં.'

ત્યાં મારે માર્ચ મહિનામાં જવાનું થયું તે વખતે હું દાદાસાહેબને મળેલો અને એમણે કસ્તુરભાઈ શેઠ સાથે મારો મેળાપ કરાવેલો. કસ્તુરભાઈ શેઠે મને પૂછ્યું, ભાઈલાલભાઈ, ત્રીસ હજારમાં શું કામ થાય? અત્યારે ઈંટોના ભાવ પિસ્તાળીસ રૂપિયા છે. સિમેન્ટ, લોઢું મળતાં નથી. કડિયા-મજૂરના ભાવ પણ વધી ગયા છે. આવા વખતે ત્રીસ હજારથી શી રીતે કામ થાય?' મેં જવાબ આપ્યો : એ તો મારો વિષય છે પણ તમને અશ્રદ્ધા થતી હોય તો પાંત્રીસ હજાર મંજૂર કરો. એ રકમમાં શી રીતે કરવું તે મારે જોવાનું છે.' પછી શેઠે કહ્યું : તમે જાણો છો કે ત્યાં સાબરમતીનું કેટલું જોર છે.' મે કહ્યું : હા, ૧૯૧૮માં પબ્લિક વકર્સ ડિપાર્ટમેન્ટે કરેલા પુસ્તા પહેલે વરસાદે તણાઈ ગયા હતા. ૧૯૩૫માં મિ. મલિકે નદીમાં કૂવા ઊતરાવી એના ઉપર આર.સી.સી.ના પુસ્તા કર્યા હતા તે પણ પહેલે વરસાદે તણાઈ ગયા હતા. મારી પાસે તો સિમેન્ટ કે લોઢું નથી. હું તો ઈંટ-ચૂનાથી જ પુસ્તા કરીશ. હું સિંધુને રમાડીને આવ્યો છું તો સાબરમતીને રમાડતાં મને મુશ્કેલી નહિ નડે એની તમને ખાતરી પડતી હોય તો પાંત્રીસ હજાર મંજૂર કરો અને હું ખાતરી આપું છું કે આશ્રમની પ્રાર્થનાભૂમિમાંથી માટીનું એક રોડું પણ આ સાલ નહિ ખેચાય. કસ્તુરભાઈને વિશ્વાસ તો પડતો ન હતો છતાં મારો આવો આત્મવિશ્વાસ જોઈને એમણે પાંત્રીસ હજાર રૂપિયા મંજૂર કર્યા અને મેં નાથાકાકાને જોઈતો માલ-સામાન ભેગો કરવાનું કહ્યું. આ કામ કરવા હું અમદાવાદ ગયો અને મેની ૧૫મીએ કામની શરૂઆત કરી. જૂનની દસમીએ કામ પૂરું કરી નાખ્યું. અમારું એકંદર ખર્ચ અઠ્ઠાવીસ હજાર રૂપિયા આવ્યું હતું એટલે મંજૂર કરેલા પાંત્રીસ હજારમાંથી સાત હજાર રૂપિયા બચ્યા હતા. પહેલું પૂર આવે ત્યારે શું કરવું એની સૂચનાઓ મેં નાથાકાકાને આપી હતી. એ ચણતર આગળ દસ ફૂટ કાંપ બેસી ગયો. એટલે વગર મહેનતે મારો પાયો દસ ફૂટ ઊંડો ઊતરી ગયો. તે ચોમાસામાં કસ્તુરભાઈ શેઠ અમેરિકામાં હતા એમને આ કામની બહુ ચિંતા હતી, કારણ પ્રાર્થનાભૂમિ બચાવવાની મહાત્માજીએ ખાસ સૂચના આપેલી. એમણે પૂર વખતે આ પુસ્તાનું શું થયું તેની ખબર અમેરિકાથી પુછાવેલી અને જવાબ મળેલો કે બધું કામ સલામત છે. કોઈ પણ જાતનો વાંધો નથી. એ ખૂબ ખુશ થયેલા અને પછી તો અમદાવાદ આવ્યા પછી બીજા વરસના આખા આશ્રમના' બચાવ માટેનાં કામ મંજૂર કર્યા અને બાકીની સિત્તેર હજારની રકમ મંજૂર કરી. બીજા ચોમાસા પહેલાં આ બધાં કામ નાથાકાકાએ મારી સૂચના પ્રમાણે કર્યા અને આશ્રમનાં બધાં કામ આગલા વરસના અઠ્ઠાવીસ હજાર સાથે બોત્તેર હજારમાં પૂરાં થયાં. એ અઠ્ઠાવીસ હજારની બચત તો નાથાકાકાની મહામહેનતને આભારી હતી.

નદીના બચાવનાં કામ માટે મેં મારી આગવી યોજના તૈયાર કરી હતી. જેથી ઓછામાં ઓછા ખર્ચે નદીના કિનારાનો બચાવ થઈ શકે અને કસ્તુરભાઈ શેઠ તો હંમેશ જેના જેના બંગલા આગળ સાબરમતીનો કિનારો ધોવાતો હોય તેને કહેતા કે ભાઈલાલભાઈ પાસે યોજના કરાવી લો. અને એ રીતે સાબરમતીના કાંઠા ઉપર ઘણા બંગલાઓમાં બચાવનાં કામ મારી યોજના પ્રમાણે થયાં. મેં તો સમાજનાં કામ કરવા માટે જ નિવૃત્તિ લીધી હતી જેથી મારી ડિઝાઈન માટે કોઈ પાસે પૈસા લીધેલા નથી. એ તો હું દરેકને મફત જ આપતો

ક્રમશઃ

''ભાઈકાકાનાં સંસ્મરણો'' (પોતે લખેલા જીવનના મહત્ત્વના પ્રસંગો)માંથી સાભાર.

## સ્વ સાથે સંવાદ

એસ. જી. પટેલ

આપણે જ્યારે રોજીંદી જવાબદારીઓ નિભાવતા હોઈએ છીએ ત્યારે વિવિધ સંજોગો અને પરિસ્થિતિઓમાંથી પસાર થઈએ છીએ. આપણને મળતા બધા લોકો આપણી ઈચ્છા મુજબ વર્તન કરતા નથી. પરિસ્થિતિઓ ક્યારેક સાનુકૂળ અને ક્યારેક પ્રતિકૂળ હોય એ સ્વાભાવિક છે. આપણા માનસમાં સામાન્ય રીતે આવા સંકલ્પો ચાલતા હોય છે-જેવા કે, ''હું શાંતિપ્રિય માણસ છું. હું મારો પ્રતિભાવ સંપૂર્ણ સમજણ, ધૈર્યતા અને સ્વીકાર્યભાવ સાથે આપુ છું. હું સમજું છું કે દરેક વ્યક્તિ એક બીજાથી ભિન્ન પ્રકૃતિ ધરાવે છે. હું વ્યક્તિગત તફાવતોનો આદર કરું છું. હું સૌનું માન-સન્માન જળવાઈ રહે તેવું વર્તન કરુ છું. હું જ્યારે પ્રતિભાવની પસંદગી કરું છુ ત્યારે વિશ્વમાં શાંતિ પ્રસરતી રહે તેવી સદ્ભાવના ધરાવું છું. મારી બધીજ પ્રતિક્રિયાઓ વિશ્વ ઉર્જાને અસર કરે છે. હું વિશ્વના સર્જનમાં ભાગીદાર છું.''

આપણે સૌ સ્વીકારીએ છીએ કે વિશ્વમાં સકારાત્મક પરિવર્તન થતું રહે. આ પરિવર્તન લાવવા માટે આપણા બધાની સહિયારી જવાબદારી છે. આવી જવાબદારી નિભાવવા દરેક પરિસ્થિતિમાં આપણે કેવી રીતે વર્તીશું એના પર બધો આધાર છે. ઉદાહરણ સ્વરૂપે ''ટ્રાફિક જામ''ના દ્રશ્યનો વિચાર કરીએ. આ દ્રશ્યને આપણે બદલી શક્તા નથી તેમજ નિયંત્રિત કરી શકતા નથી, પણ આપણી પાસે પસંદગી હોય છે કે આવા સંજોગોમાં કેવી રીતે વર્તવું. આ વર્તનની પ્રક્રિયામાં ચાર તબક્કાઓ આવી જાય છેઃ How I think aboat it, what I feel abut it, what I say about it and how I behave. આવા સવાલોના મનોમન ઉત્તરો આપતાં હું આ વિશ્વમાં ઉર્જાનું ઉત્સર્જન કરું છું.

માની લઈએ કે આપણે કોઈ એક મોટા સભાગૃહમાં બેઠા છીએ જેમાં બે-ત્રણ હજાર પ્રેક્ષકો હાજર છે. આ સભાગૃહની ઉર્જા એટલે તેમાં બેઠેલા તમામ લોકોના માનસમાં ચાલતા સંકલ્પોના કારણે સર્જાતા ઉર્જાના આવરણ આધારીત હોય છે. હવે જો સભાખંડમાં બેઠેલા બધા લોકો એવો વિચાર ચલાવે કે ચિંતા તો હોય જ, તણાવ તો રહેવાનો જ, એમાં દુઃખી તો થવાય જ.... તો આ સભાખંડની વાતાવરણમાં સર્જાતી ઊર્જા કેવી હોઈ શકે? શાંતિની? ના. સુખની? ના. તો કેવી? અજંપા ભરી જ. આવા તણાવયુક્ત સંજોગોમાં સભાખંડની ઉર્જા દુઃખદાયક બની ગઈ છે અને કોઈ અજાણ્યો માણસ સભાખંડમાં પ્રવેશ કરવા જાય છે ત્યારે તરત જ સ્વયંસેવકો તેને અંદર પ્રવેશ કરતાં રોકે છે. હવે પેલા માણસના માનસમાં કેવો ભાવ જન્મશે? ગુસ્સો. કદાચ ખરાબ શબ્દો વાપરી સ્વયંસેવકો સાથે ઝઘડો પણ કરે! હાથ પણ ઉપાડે! આ દ્રશ્યની કલ્પના કરી શકો છો.

હવે, માની લો કે આ જ સભાખંડમાં બેઠેલા બધા પ્રેક્ષકો એકી સાથે ધ્યાન અવસ્થા ધારણ કરી રહ્યા છે, જેથી સભાખંડમાં સર્જાતું ઉર્જાક્ષેત્ર, શાંતિ અને આરામનો અહેસાસ કરાવે છે એટલે કે બધા જ લોકોના માનસપટ પર ઉત્સાહવર્ધક સુખની અનુભૂતિ થાય છે. સભાખંડમાં વધારે માણસો સમાવી શકાય એવી સ્થિતિ નથી, એવા સંજોગોમાં કોઈ વ્યક્તિ કે જે જરા ઠરેલ નથી અને હોલમાં પ્રવેશ કરવા માગે છે અને સ્વયંસેવકો તેને પ્રવેશ કરતાં રોકે છે. હવે આ નવાગંતુકના માનસમાં કેવા પ્રતિભાવ ઉપજશે? ગુસ્સો? ઝગડો? ના. આ વખતે એ જ માણસ વાતાવરણની ઊર્જાને આધારે પરિસ્થિતિનો સ્વિકાર કરી, તે શાંતિથી પાછો વળી જશે! ખરુ ને?

ઉપર વર્ણવેલા બંને પ્રસંગોમાં સર્જાયેલ દશ્યોની આપ કલ્પના કરી શકો છે. બંને ઘટનામાં માણસ એનો એજ છે. તેનું માનસ સમાન છે. સભાખંડમાં પ્રવેશ અટકાવવાની ઘટના સરખી છે. છતાં માણસના બંને પ્રસંગોના પ્રતિભાવ જુદા રહ્યા. શાના પ્રતાપે ? આ સભાખંડમાં બેઠેલા તમામ લોકોના સહિયારા પ્રયાસના પરિણામે પેલી વ્યક્તિના સ્વભાવમાં પરિવર્તન આવ્યું. કારણ કે એ બધાના માનસ પરથી શાંતિ અને સુખનાં કંપનો પ્રસારિત થઈ રહ્યા હતા. પહેલા પ્રસંગમાં તેનાથી ઉલ્ટી પરિસ્થિતિ સર્જાતી હતી. આપણે સમજી શકીએ છીએ કે આપણામાં ઉચ્ચકક્ષાની ઉર્જા ઉત્પન્ન થવાથી બીજાઓની હુમલાખોર વૃત્તિનું શાંતિમાં પરિવર્તન થઈ શકે છે. આ સકારાત્મક પ્રવૃત્તિ દિન-પ્રતિ-દિન ચાલુ રહે તો આપણી આસપાસના વિશ્વમાં શાંતિનું સ્વરૂપ સ્થાપી શકીએ.

હવે પ્રશ્ન થાય કે- શું આપણે આ જગતમાંથી આતંક નાબુદ કરી શકીએ? શું આપણે લોભ, મોહ, ભ્રષ્ટાચાર જેવા વિકૃતિજનક દોષો નિવારી શકીએ? ઉપરોક્ત ચર્ચાના સંદર્ભે હકારમાં જવાબ આવી શકે. ટૂંકમાં કહેવાય કે- Terror in the world is triggered by terror in our

minds. ચાલો, આપણે નિર્ધાર કરીએ કે હું આ જગતમાં આતંક ઉભો કરનાર પરિબળોથી મુક્ત રહું. Terror means hitting myself with wrong thought.

એક નાનકડી ઘટના યાદ કરીએ. મારા ઉપલા અધિકારી બહેનને મળવા જવાનું થયું. મેં તેમની સામે સ્મિત કર્યું. તેણીએ મોં ફેરવી દીધું. મારા મનમાં ગુસ્સો આવી ગયો. તેણી આવું મારી સામે કેવી રીતે કરી શકે? હું હંમેશાં તેમની સાથે સદ્ભાવથી વાત કરું છું અને તેણીએ મારો અનાદર કર્યો, તે વળી જાહેરમાં. તેણીએ મારું અપમાન કર્યું, વિવેક ભંગ કર્યો, હું એને ધિક્કારું છું. આવા તો અનેક વિચારો ઉપર વિચારોનો પ્રવાહ મારા મનમાં વહેવા લાગ્યો. આવતી કાલે ફરીથી મારે એમને મળવાનું થશે. તેણી એવો જ વર્તાવ કરશે, બધાની વચમાં. બધા લોકો મારા વિષે શું વિચારશે? મને કોઈ માન આપશે નહીં.... આવા વિચારો આવે ને? હા.? તો મને કોણ આતંક મચાવી ધીક્કારે છે? મારી આવતીકાલની ભયજનક કલ્પના માટે જવાબદાર કોણ? હું,પોતે જ. I am Terrorizing myself with my every thought. છતાં હું બધું બનવા પાછળ, પેલા બહેને, જેમણે મને અવગણ્યો, તેમને જ જવાબદાર ઠેરવું છું. હું મારી જવાબદારી જરા પણ સ્વિકારતો નથી કે હું જ મારી આસપાસની આપત્તિજનક સ્થિતિનો સર્જક છું. હવે, જરા વિચાર કરો કે આવી વિધાતક સ્થિતિમાંથી બચવા માટે હું કંઈ કરી શકવા શક્તિમાન છું?

જ્યારે તેણી મને અવગણે છે ત્યારે હું શાંતિપૂર્વક વિચાર કરી શકું ખરો? મારી પાસે કયા વિકલ્પો હોઈ શકે? હા. તેના પ્રતિ સારા સંકલ્પો મોકલવા. પણ, સારા સંકલ્પો (Vibration) એટલે શું? કારણ કે દરેક પરિસ્થિતિ કંઈક પ્રતિભાવ જન્માવે જ. આપણે સતત વિચારતા જ હોઈએ છીએ, ઊંઘીએ છીએ ત્યારે પણ, સ્વપ્નમાં સકારાત્મક વિચારો કેવી રીતે થઈ શકે? જ્યારે પરિસ્થિતિ સર્જાય છે ત્યારે તુરંત જે કંઈ બોલાઈ જાય છે તે પ્રતિક્રિયા છે. સહેજ અટકી, સમજી વિચારીને બોલાય તે પ્રતિભાવ ગણાય. પ્રતિભાવ આપીએ ત્યારે બોલાયેલા શબ્દોની સંભવિત અસરોનો ખ્યાલ મનમાં આવી જતો હોય છે. આપણે પેલા બહેનની અવગણનાની ઘટનાને યાદ કરીએ. મારા સ્મિતનો પ્રતિભાવ સારો ન મળ્યો-શક્ય છે કે એ બેનના મનમાં તે ક્ષણે અન્ય વિચારનો પ્રવાહ વહેતો હોય, અનેક સમસ્યાઓમાં પ્રશ્નોથી ઘેરાયેલ હોય શકે. આ થયા ઉચ્ચ ઉર્જા ધરાવતા વિચારો. મને ખબર છે કે તે મારા માટે ઊંચો આદર ધરાવે જ છે, તેણીને તત્ક્ષણે બીજું અગત્યનું કામ કરવાનું હશે. આમ વિચાર પ્રવાહનું મૂળ આપણા પોતાનામાં જ છે. પરિસ્થિતિ તો પરિસ્થિતિ છે જ. તેને આપણે ક્યા દૃષ્ટિકોણથી લઈએ અને માનસિક સમતુલા સાચવી પ્રતિભાવ આપવાની ટેવ કેળવીએ તો આપણી આસપાસ આપણા દ્વારા સર્જાતા ઉર્જા આવરણના નિર્માતા આપણે જ બની શકીએ. Let the world treat you any ways, you were always going to be kind and loving, આમ કરવાથી આપણામાં બિનશરતી પ્રેમાળ બનવાની ઉર્જા સર્જાતી હોય છે. આપણી સાથે સંકળાયેલા લોકો તેમની ઈચ્છા મુજબ વર્તે એ સ્વાભાવિક છે. આપણે આપણી જાત પર નિયંત્રણ જરૂર કરી શકીએ.

હવે પ્રશ્ન થાય છે કે હું બધાની સાથે બિનશરતી પ્રેમભાવ રાખતો થાંઉ તો મને શો ફાયદો થાય? અંતરની શાંતિ મળે. બીજું કંઈ? સુખ, થોડિક ક્ષણો માટે? ના. સુખ, હંમેશ માટે. એથી વિશેષ કંઈ? તંદુરસ્તી!! હા. When I vibrate at a higher frequency, I radiate pure vibrations to my today, my every cell starts vibrating at a higher frequency. My every cell receives love and respect. જ્યારે મારા મનમાં અકળામણનો અંશ હોય, બેચેની હોય, ગુસ્સો-તિરસ્કારનો ભાવ જાગૃત થાય ત્યારે શરીરના બધા જ અંગો અને કોષો નિમ્ન સ્તરના કંપનો પામે એટલે શરીર કોઈક પ્રકારની અનિયમિતતા એટલે કે રોગનું ભોગ બને. પણ બિનશરતી પ્રેમ અને સ્વિકારભાવ કેળવવાથી આપણા સુદૃઢ સ્વાસ્થ્ય સાથે કુટુંબમાં પારીવારિક ભાવના તાલમેળવાળી બને. પારસ્પરિક ઘર્ષણમાંથી મુક્ત થઈ સહવાસ અને સહકારની ભાવના ઉત્તેજન પામે. હું મારી વૈચારિક વૃત્તિને ઉત્કર્ષ તરફ દોરું એટલે મને અને મારી સાથે સંકળાયેલ સૌને લાભદાયી બનાવું. અને અંતે ''જો મન ચંગા તો કથરોટમાં ગંગા.''

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)

(કવિ સુન્દરમ્‌ની જન્મજયંતિ નિમિત્તે સ્મરણાંજલિ)

## હંકારી જા

**કવિ સુન્દરમ્‌**

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.
ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા,

પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા,
સોનેરી સોણલું બતાડી તું જા. મારી.
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,

ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા. મારી.
ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,

મનના માલિક તારી મોજના હલેસે
ફાવે ત્યાં એને હંકારી તું જા. મરી.

## મેરે પિયા !

મેરે પિયા મૈં કછુ નહીં જાનૂં,
મૈં તો ચુપચુપ ચાહ રહી.

મેરે પિયા, તુમ કિતને સુહાવન,
તુમ બરસો જિમ મેહા સાવન,
મૈં તો ચુપચુપ નાહ રહી.
મેરે પિયા.

મેરે પિયા, તુમ અમર સુહાગી,
તુમ પાયે મૈં બહુ બડભાગી,
મૈં તો પલપલ બ્યાહ રહી.
મેરે પિયા.

## હે હરિની રસધારા

તું હૃદયે વસનારી તું હૃદયો વસનારી,
ઘટ ઘટ ભીતર નરતનહારી. તું હૃદયે..
તું અંતરના તાર પરસતી અંગુલિ કો રઢિયાળી,
તું તિમિરોનાં ધણ વાળી લૈ કરત સદા રખવાળી. તું હૃદયે..

તું માનસ અમ મુકુલિત કરતી ઉજ્જવલ કો દ્યુતિ અરુણાં,
તું જીવનના વ્રણ પર વરસત કોઈ અમીમય કરુણા. તું હૃદયે..

તું જીવની જન્મ-ક્ષણોની ધાત્રી પ્રાણ-પ્રદીપા,
તું કદમે કદમે પ્રજ્વલતી અગ્નિજ્યોત સજીવા. તું હૃદયે..

તું નયનો પર પડદા ઢાળી, અન્ય નયન દેનારી,
તું જગમાં - જગપાર અનંતે અમ સંગે ઘૂમનારી. તું હૃદયે..

તું આનંદ અનર્ગળ પ્રભુનો, તું પ્રભુની પર શક્તિ,
તું ઋત સત સૌ ધારણહારી, તું અંતિમ અમ મુક્તિ. તું હૃદયે..

તું અમ ચરણોની ગતિ, તું અમ નેત્ર તણી ધ્રુવતારા,
તવ હૃદયો અમ વાસ સદા હો, હે હરિની રસધારા. તું હૃદયે..

ભલે ઊગ્યાં વિશ્વે નયન નમણાં એ પ્રભુતણાં,
ઊગ્યાં ને ખીલ્યાં ત્યાં કિરણકણી આછેરી પ્રગટી,
પ્રભા ત્યાં ફેલાઈ જગત પર દિવ્યા મુદતણી,
હસી સૃષ્ટિ હાસે, દલ કમલનાં ફુલ્લ બનિયાં.
પ્રભો! જન્મે જન્મે કર ધરી કંઈ શસ્ત્ર ઊતર્યા,
નખાગ્રે, દંતાગ્રે, દમન કરિયું શબ્દછળથી,
સજ્યું કે કોદણ્ડ, ગ્રહી પરશુ, ચક્રે ચિત ધર્યું,
તમે આ જન્મે તો નયનરસ લેઈ અવતર્યા.
વિધાતાનાં દીધાં નયન કરીને બંધ જગ આ
ભુજાએ ઝૂઝંતું કુટિલ મનનો આશ્રય લઈ,
પ્રભો! આવી આપે નયન જગને અર્પણ કર્યાં,
ભમંતું અંધારે જગત નવ ચક્ષે જગવિયું.
મથ્યા લોકો ખુલ્લાં નયન કરવા બંધ પ્રભુનાં,
પૂર્યાં કિલ્લે, મ્હેલે, રમણીભુજને પિંજર વિષે,
વિદાર્યાં એ બંધો, નયન ઊઘડયાં ચેતનભર્યાં,
ન ઊંઘ્યાં જાગેલાં, મુરછિત દગોને જગવિયાં.
ફરી ખૂણે ખૂણે જગત નીરખ્યું નેત્ર સદ્યે,
લુહ્યું: સૃષ્ટિખાડે ખદબદી રહ્યા કીટ જગના,
જરા-વ્યાધિ-મૃત્યુ ત્રિવિધ-વમળે ડૂબી મરતા,
અને બીજા જીવો ઉપર નભતા જીવ નીરખ્યા.
ઘૂમ્યાં શાંતિ અર્થે વનવન, તપો તીવ્ર તપિયાં,
ન લાધ્યું ઈચ્છેલું, નયન ભમતાં ત્યાં વિરમિયાં,
સર્યાં તે મીંચાઈ નિજ હૃદયને સાગરતલે,
ઠરી આત્માગારે વિરલ લઈ મુક્તા ઊઘડિયાં.
અને આત્મસ્નાને અધિક થઈને આર્દ્ર નયનો
ખૂલ્યાં ના ખૂલ્યાં ત્યાં પ્રણયરસગંગા અવતરી,
વહી તે ફેલાતી સભર જડ ને ચેતન વિશે,
કૃપાગંગાસ્નાને અવગતિ ટળી જીવ સહુની.
ઉધારી સૃષ્ટિને નયનજલથી, ચક્ષુ પ્રભુએ
શમાવ્યાં, ત્યાં બીજાં નયન જગને અંતર ખૂલ્યાં,
પછી ઝંઝાવાતો ઊમટી કદી એને મૂંઝવતાં,
તૂફાનો દાબી એ દ્વિગુણ બલથી તે ચમકતાં.
હવે ના મીંચાશો નયન કદી યે જે ઊઘડિયાં,
દયાની ગંગા આ પરમ તપ અંતે ઊગરી, તે
અખંડા વ્હેતી રહો કઠણ તપના સિંચનથકી,
વહો ખંડે ખંડે, પ્રતિ ઉર વહો તપ્ત જગને.

## ઈશ્વરનું સરનામું ....

**સૂર્યકાંત વૈષ્ણવ**

શોધવા હું ચઢ્યો પહાડે
ત્યાં હતું એક સુવર્ણ મંદિર,
મસ્જીદના પગથીએ પાય માંડ્યાં,
ખ્રિસ્તી દેવળે પણ ગયો,
યહુદીના સંમેનલે હાજરી કીધી,
પ્રાર્થઓમાં તલ્લીન થયો,
ભજનો પણ માણ્યાં,
કુરાનની આયાતો સુણી,
શબદ સાથે તાલ મિલાવ્યો,
પ્રવાસ કીધો સમીપે અને વિશાળે,
રણ ઘૂમ્યો અને સાગર તર્યો
હા, છતાં તે બધાં સંક્રમણ જ હતાં
હજી આગળ જવાનું બાકી હતું
હે ઈશ્વર! !
તે પછી તારું સરનામું શું ?
પૂછયું તો સંચાર થયો,
સ્પર્શ પામ્યો,
અંતરમાં ઝણકાર થયો,
મૂંગો સાદ રણક્યો,
આનંદ અને પ્રસન્નતા પામ્યો,
નાચી ઊઠ્યો,
દૈવી સંગીત ગૂંજ્યું,
શોધ પૂરી થઈ,
તે તારા હૃદયે જ બીરાજેલ છે,
હૃદય જ તેનું ખરું સરનામું.

ઇશાવાસ્યમ, રઘુવીર ચેમ્બર્સ પાછળ,
વલ્લભ વિદ્યાનગર, ૩૮૮ ૧૨૦
(Sri Aurobindos action, January, ૨૦૨૦
: અંગ્રેજી કાવ્યનું અનુસર્જન)

## દીપપ્રીતિ

**રામચન્દ્ર પટેલ** (વસંત-મદ્ય)

ને સોળ સોળ ઘરનો વસવાટ માઢડી,
સંપી રહે, નહિ કદી કજિયો ન ઈર્ષા.

હોળી, ધુળેટી, નવરાત્રિ, ગણેશચોથ
ત્યૌહાર જે વરસનો ઉજવે એકસાથે.

શું કોમ કોમ? કશું અંદર ના જુદાપણું,
ને બાળકો, હળીમળી સહુ ખેલ ખેલતાં.

પ્હેલી દિવાળી ઘરઆંગણું હું સજાવા
માંડ્યોઃ કરું કમળપત્રની રંગપૂર્ણી-

આવી ચઢી તું લઈ મંગલ હંસદીવડો
મૂક્યો નથી ! ઝળહળી રહી પદ્મઆભા.

વ્યાપી ગયું રગરગે અજવાળું આભનું
ત્યાં દૂર એકદમ આતશબાજી ઊઠી.

બેઠાં ઘણુંય દીપમાં દીપ તેજ જાગ્યું,
ના મધ્યરાત્રિ થઈ. ફૂટ્યું પરોઢ માગ્યું.

સી-૨૦૨, રિયલ લક્ઝુરિયા, આનંદનિકેતન સ્કૂલ પાસે, થલતેજ-શીલજ રોડ, થલતેજ, અમદાવાદ -૫૯, મો.-૯૪૨૯૪ ૫૬૭૭૭

## હાઈકુ

**મુશ્તાક એમ. શેખ**

૧. વાદળ વીજ
કાગળ પર કેદ
ચમકે આંખો

૨. જળ ભરેલાં
ખેતરોમાં-ગગન
ઊગી નીકળે

૩. અપર્ણ ડાળ
સપનામાં નિહાળે
લીલુડાં પર્ણ

૪. ઢળતી સાંજ
આથમતો ચહેરો
ઉદાસ ગામ

ઈસ્ટ રેલ્વે યાર્ડ રાજ પ્રોવિઝન સ્ટોર્સના બીજા માળે
અબ્રામા રોડ વલસાડ, તા. જિ. વલસાડ ૩૯૬૦૦૧

## ઉદાહરણ થવાનું...

**હાર્દિક વ્યાસ**

ઉષ્માંતરણ થવાનું, રૂપાંતરણ થવાનું, સંકુલ છે દીવાનું નવસંસ્કરણ થવાનું
છે પ્રજ્વલિત થવાનું, સ્હેજે ન ભૂલવાનું ચૈતન્ય શક્તિઓનું પુંજે અવતરણ થવાનું.

તમને ભૂલી જવાના, પામી જવાના તમને, તમને તમારામાંથી બાકાત પણ કરે છે,
એ એક એવું તત્ત્વ સાક્ષાત ઝળહળે છે ને એની સભ્યતાનું હસ્તાંતરણ થવાનું !

મુશ્કેલ છે જવાનું, મુશ્કેલ આવવાનું, મુશ્કેલ આખી સૃષ્ટિ પોતીકી લાગવાનું,
પોતાપણાની એવી ઉદંડતા અડી છે સૌના સ્વભાવમાંથી દિશાંતરણ થવાનું.

ઉત્ક્રાંતિવાદથી લઈ માનવતાવાદ સુધી ને શ્વેતક્રાંતિથી લઈ હરિયાળી ક્રાંતિ સુધી,
સંઘર્ષની ક્ષણોનો લઈ મૂલ્યવાન ફાળો ઈતિહાસનું અનોખું ઉદાહરણ થવાનું !

બ્રહ્માસ્ત્રના ચયનમાં પડકાર કોઈ આવે ને સૂક્ષ્મ પાંખ પહેરી અસવાર કોઈ આવે;
તો આગવા ચયનની સૌહાર્દતાની સાથે સુંવાળી સ્પૃશ્યતાનું અનાવરણ થવાનું !

તું પ્રેમના વિષયમાં ઔદાર્ય દાખવે તો આ સ્વાર્થના વિકલ્પો પરમાર્થ થઈ જવાના;
જોતિર્ધરોની સંજ્ઞા ચરિતાર્થ થઈ શકે તો સામે જ વિશ્વ ઉપર સત્યારોપણ થવાનું.

યાત્રાના સૌ વિષયમાં નિશ્ચિત થઈ ગયા છે જાણે કે એની ઉપર પોષકતા મઢી છે
એ તીર્થની ઋજુતા ખૂલી જશે જો પળભર સંતોષી સૌમ્યતાનું વાતાવરણ થવાનું...

''રાંદલ કૃપા'' મહાદેવ પાસે, ચલાલા તા. ધારી,
જિ અમરેલી-૩૬૫૬૩૦, મો.-૯૮૨૫૪ ૧૫૬૪૫

## ગઝલ

**કીશોર મોદી**

શબ્દનું માનસ પરખવું અઘરું છે
સ્વાર્થનું સાહસ પરખવું અઘરું છે

દશદિશાઓ ગોષ્ઠિમાં મશગુલ છે
ઓસથી અંબર પરખવું અઘરું છે

આદમી વર્તનમાં ઊણો હોય પણ
ઘરઘરે લાંછન પરખવુ અઘરું છે

સાગરી તોફાન વચ્ચાળે ખડક...
ફીણનું ક્લેવર પરખવું અઘરું છે

પરસ્પર અહેસાસ આથમતો નથી
માટીનું બંધન પરખવું અઘરું છે

વિશ્વ તો ભરમારથી વીંટ્યું કિશોર
મનઘડેલ કારણ પરખવું અઘરું છે

kishormodi@icloud.com

## શિક્ષણ–ભાવના અને ધ્યેય

ડોલરરાય માંકડ

વૈદિક કાળથી માંડીને શિક્ષણ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સાચી દોરવણી આપે તેવા પ્રકાશનું મૂળ છે એવી ભારતીયોની શિક્ષણની મધ્યવર્તી ભાવના રહી છે. એક વિચારકે કહ્યું છે કે જ્ઞાન માણસનું ત્રીજું નેત્ર છે. બધો તત્ત્વાર્થ જોવામાં દક્ષ છે, તેમ જ ત્રણે જગતમાં એજ પ્રવૃત્તિમત્ છે.[૨] મહાભારતમાં લખ્યું છે કે વિદ્યાના જેવું બીજું કોઈ ચક્ષુ નથી;[૧] આધ્યાત્મિક ક્ષેત્રમાં વિદ્યા મુક્તિ[૨] અપાવે છે અને ભૌતિક ક્ષેત્રમાં વિદ્યા સાર્વત્રિક પ્રગતિ અને સમૃદ્ધિ અપાવે છે. શિક્ષણથી આપણને મળતો પ્રકાશ સંશયોને છેદે છે, મુશ્કેલીઓને દૂર કરે છે અને જીવનનાં સાચાં મૂલ્યો સમજવામાં મદદ કરે છે. જેની પાસે શિક્ષણનું તેજ નથી તે ખરેખર અંધ[૩] ગણાય. સ્ત્રી અને પુરુષને શિક્ષણથી જે સાચી દૃષ્ટિ મળે છે તેનાથી તેમની બુદ્ધિશક્તિ અને કાર્ય નિપુણતા સ્વાભાવિક રીતે જ વધે છે. પ્રાચીન ભારતીયોએ ભારપૂર્વક એમ કહ્યું છે કે શિક્ષણથી વિકસેલી અને સંસ્કારાયેલી બુદ્ધિ આ જગતમાં ખરું બળ છે.[૪] શિક્ષણના ઉપયોગો એટલા બધા છે કે એની પૂરી ગણતરી થઈ શકે નહિ; વિદ્યા માતાની પેઠે રક્ષે છે, પિતાની પેઠે હિતમાં નિયોજે છે, અને કાન્તાની પેઠે આનંદ અને સુખ આપે છે.[૫] વિદ્યા આપણી કીર્તિ વધારે છે, આપણી મુશ્કેલીઓનો નાશ કરે છે અને આપણને વધારે શુદ્ધ અને વધારે સંસ્કૃત બનાવે છે.

આપણે જ્યારે પ્રવાસમા એકલા હોઈએ છીએ કે વિદેશમાં હોઈએ છીએ ત્યારે એ જ આપણો બન્ધુજન બને છે. આમ તે ખરેખરું કલ્પતરુ છે.[૬] બાં માનવસુખને મૂળે એ જ છે; એ આપણી કાર્યક્ષમતા વધારે છે અને જાહેરસભાઓમાં તથા રાજાઓના દરબારમાં માન અપાવીને આપણને ધન અને કીર્તિ મેળવવામાં મદદરૂપ થાય છે. આવી રીતે આપણને જે ધન મળે છે તે આપણને માત્ર સુખ અપાવે છે એટલું જ નથી, પણ જાહેર સેવાનાં ગુણવાન કામો કરવામાં અને વિવિધ જાતની ધાર્મિક ફરજો બજાવવામાં આપણને મદદ કરે છે. આ આપણને મુક્તિને માર્ગે લઈ જાય છે.[૧] આવી રીતે શિક્ષણ, આ લોકમાં અને પરલોકમાં આપણાં ભૌતિક તેમજ આધ્યાત્મિક કલ્યાણની વૃદ્ધિ કરે છે.[૨]

શિક્ષણ, જે પ્રકાશ, દૃષ્ટિ અને માર્ગદર્શન આપે છે તે, આપણામાં પૂર્ણ પરિવર્તન આણે છે. એક વૈદિક વિચારકે કહ્યું છે કે, જો એક માનવ બીજાથી ચઢિયાતો હોય તો તેનું કારણ તેની પાસે એક વધારાનો હાથ કે વધારાની આંખ છે, તે નથી, પણ તેનાં મન અને બુદ્ધિ શિક્ષણથી તીવ્ર બન્યાં છે અને વધુ કાર્યક્ષમ બન્યાં છે, તે છે.[૩] ભર્તૃહરિ કહે છે કે, શિક્ષણ વગરના આપણે માત્ર પશુઓ જ છીએ.[૪] શિક્ષણ આપણને માનવ બનાવે છે. એટલા માટે શિક્ષણ વગરનું જીવન તદ્દન નકામું અને વ્યર્થ છે,[૫] સ્મૃતિકારે એજ વિચારને પોતાની ભાષામાં એમ રજૂ કર્યો છે કે, બ્રાહ્મણ પણ જ્યાં સુધી એને, એના સ્વભાવને સુધારે તેવું અને એને સંસ્કૃત બનાવે તેવું યોગ્ય શિક્ષણ મળતું નથી ત્યાં સુધી શૂદ્રજ રહે છે.

શિક્ષણ આ મહાન પરિવર્તન વિવિધ રીતે આણે છે. પહેલાં તો, એ આપણને ચોખ્ખાઈ અને રીતભાતના યોગ્ય વિચારો આપે છે, અને એવી રીતે આપણા સહનાગરિકોની સાથે ભળવામાં આપણને મદદ કરે છે. એ જાણવું નોંધપાત્ર છે કે પ્રાચીન ભારતીયોએ આ વિષયને ઘણું મહત્ત્વ આપ્યું છે અને નવા વિદ્યાર્થીને ચોખ્ખાઈ અને રીતભાતના નિયમો બીજાં બધાંની પહેલાં શીખવવા જોઈએ એમ વિહિત કર્યું છે (મનુસ્મૃતિ ૨, ૬૯). શિક્ષણ આપણા પૂર્વગ્રહોને દૂર કરે છે અને આપણાથી જુદાં હોય તેવાં દૃષ્ટિબિંદુઓને સમજવાને શક્તિમાન બનાવીને આપણને વધારે વિચારવંત અને વાજબી બનાવે છે.[૧] એ બુદ્ધિને તીવ્ર કરે છે, ગ્રહણશક્તિને સુધારે છે અને વિવેકશક્તિને વિકસાવે છે અને આમ આપણને ભૂલમાં પડતાં અટકાવે છે.[૨] એ આપણા નૈતિક સ્વભાવને દૃઢ બનાવે છે જીવનનાં તીવ્ર પ્રલોભનોની સામે ઝૂઝવાની આપણને શક્તિ આપે છે. જીવનની કેટલીક મોટામાં મોટી કરુણતાઓ, આપણે પોતાને સંયમમાં રાખી શકતા નથી તેથી બને છે. સાચું શિક્ષણ આપણી નૈતિક પ્રકૃતિને સુધારે છે અને દૃઢ બનાવે છે; અને આમ ક્ષણિક આવેગો અને પૂર્વગ્રહોના અસ્થિર પવનની અસર નીચે આવતાં આપણને અટકાવે છે.

કેટલાક આધુનિક શિક્ષણશાસ્ત્રીઓની પેઠે, પ્રાચીન ભારતીયોએ પણ શિક્ષણ શબ્દને એના વિશાળ. તેમ જ સંકુચિત અર્થમાં વાપર્યો છે. એના વિશાળ અર્થમાં શિક્ષણ સ્વસંસ્કૃતિ અને સ્વ-સુધારણા છે અને એ પ્રક્રિયા માણસના જીવનના અન્ત સુધી ચાલુ રહે છે. એક વિચારકે કહ્યું છે કે, ‘‘ખરો શિક્ષક પોતાના જીવનના અંત સુધી વિદ્યાર્થી જ રહે છે.’’[૧] એક ડૉક્ટરને, કોઈ પણ મહાશાળા કે કોઈ પણ અભ્યાસક્રમ, એને જેટલું શીખવાનું છે તેટલું બધું જ, શીખવી શકે નહિ; એનું વહેવારિક કાર્ય જ એનાં જ્ઞાનનાં ક્ષેત્રને ધીમે ધીમે વિશાળ કરતું જાય. અને જે ડૉક્ટર માટે સાચું છે તે જ શિક્ષક, વકીલ, ચિત્રકાર, વેપારી અને. શિલ્પી માટે પણ સાચું છે. પણ જ્યારે આપણે શિક્ષણની ભાવના અને ધ્યેયોની ચર્ચા કરવા માંડીએ છીએ ત્યારે આપણે એ શબ્દને વિદ્યાર્થી પોતાના ધંધા કે વ્યવસાયમાં ઠરીને બેસે છે તે પહેલાં વિદ્યાર્થી અવસ્થામાં જે તાલીમ અને શિક્ષા તેને મળે છે તેવા સંકુચિત અર્થમાં વાપરીએ છીએ.

શરીર, મન, બુદ્ધિ અને આત્માથી માનવ માનવ બને છે; પ્રાચીન ભારતીય શિક્ષણનાં ધ્યેયો અને આદર્શો તેમના સંવાદીઃ અને યુગપત્ વિકાસની વૃદ્ધિ કરવાના હતા. માણસ સામાજિક પ્રાણી છે; પ્રાચીન ભારતીય શિક્ષણ સામાજિક ફરજો ઉપર ભાર મૂકતું એટલું જ નહિ, પણ સામાજિક સુખની પણ વૃદ્ધિ કરતું. પોતાનો સાંસ્કૃતિક વારસો જાળવી અને વધારી શકે નહિ તેવી કોઈ પણ પ્રજાને શિક્ષિત કહી શકાય નહિ.

‘પ્રચીન ભારતમાં શિક્ષણ’ માંથી ટૂંકાવીને સાભાર

---

॥ વિદ્યાવૃત્ત ॥

**આઈસ્ટાર કોલેજમાં સીટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (CAA) પર જન જાગૃતિ કાર્યક્રમનું આયોજન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (એન. એસ. એસ.) વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા હેતુ આયોજન તા. ૦૮/૦૨/૨૦૨૦ શનિવારના રોજ સીટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (CAA) વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી હર્ષદકુમાર કિશોરભાઈ જલુ, (નાયબ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, આણંદ) એ વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને ઉદ્‌ભવતાં પ્રશ્નોનું નિરાકરણ કરવા હેતુ CAA, NRC અને NPR ઉપર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

**આંતરરાષ્ટ્રીય પરિષદમાં આઈસ્ટારના હાઇજીન એન્ડ સેફ્ટી વિભાગના વિદ્યાર્થીઓ ઝળક્યા**

ચારુતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર સંસ્થાના ઇન્ડસ્ટ્રીયલ હાઇજીન એન્ડ સેફ્ટીના વિદ્યાર્થીઓએ નવી દિલ્હી ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ગુજરાતના ઔદ્યોગિક એકમોમાં પ્રવર્તતી સમસ્યાઓ વિષય પર પોસ્ટર પ્રેઝન્ટ કર્યા હતા. જેમાં ડિપાર્ટમેન્ટના હેડ બૈજુ વર્ગીસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ટેક્સટાઇલ ઉદ્યોગોમાં હીટ સ્ટ્રેસ અને વાઇબ્રેશન, ઇન્ડસ્ટ્રીઝમાં હીટ અને નોઈઝ પોલ્યુશન, નોઈઝ મોનીટરિંગ, કોલબેઝ થર્મલ પાવર પ્લાન્ટ અને તેનાથી થતા સ્વાસ્થ્ય સંકટ વિષયો પર પોસ્ટર રજુ કર્યા હતા. કાર્યક્રમને અંતે અમેરિકન ઇન્ડસ્ટ્રીઝ એન્ડ હાઇજિનના પ્રેસિડેન્ટ કેથી મરફી, ડૉ. મહર્ષિ મહેતા, સુંદરબાબુ (નેક્ટર કંપની), હિતાર્થ મહેતા (પીરામલ ઇન્ડસ્ટ્રીઝ), કુલદીપ ભટ્ટ (એમેઝોન ઇન્ડિયા) વિગેરેએ વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી અને આઈસ્ટર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમારે સૌને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# ભારતીય જીવનદૃષ્ટિ

નરેશ વેદ

જીવન જીવતાં જીવતાં વ્યક્તિ, વસ્તુ અને ઘટનાઓના જે અનુભવો થતા જાય છે, એને આધારે પ્રત્યેક રાષ્ટ્રની પ્રજાની જાત, જીવન, જગત અને જગદીશ્વરને જોવાની દૃષ્ટિ ઘડાતી જાય છે, એ દૃષ્ટિને આપણે જે તે પ્રજાની જીવનદૃષ્ટિ કહીએ છીએ.

પ્રત્યેક રાષ્ટ્રની પ્રજાને પોતપોતાની આગવી જીવનદૃષ્ટિ હોય છે. ભારત પણ દીર્ઘ આયુષ્ય અને વિપુલસંખ્ય પ્રજા ધરાવતું રાષ્ટ્ર છે. તો આપણા આ રાષ્ટ્ર પાસે આવી કોઈ ખાસ જીવનદૃષ્ટિ છે કે નહીં, અને જો એવી જીવનદૃષ્ટિ છે તો તેની વિશિષ્ટતાઓ શી છે, તે આપણે સમજવું જોઈએ.

એક ભારતીયના મત મુજબ આ જગતમાં ઉદ્‌ભિજ, અંડજ સ્વેદજ અને જરાયુજ - એમ ચાર યોનિના જીવો છે. એમાંથી મનુષ્ય જરાયુજ યોનિનો જીવ છે. મનુષ્યને સત્ત્વ, રજસ અને તમસ-એમ ત્રણ ગુણવાળી પ્રકૃત્તિ મળી હોય છે. તદ્‌નુસાર તે પોતાના જીવનમાં સારાં અને માઠાં કર્મો કરતો રહે છે. મનુષ્યે કરેલાં કર્મોનું ફળ એણે ભોગવવું જ પડે છે. બધાં કમોનું ફળ એક જ જન્મમાં મળી જતાં નથી. કર્મ પરિપક્વ થતાં મનુષ્યને એનાં ફળ ભોગવવા માટે નવો જન્મ મળે છે. આગલા ભવનાં એકઠાં થયેલાં કર્મો (જેને સંચિત કર્મો કહે છે) પછીનાં જન્મમાં પ્રારબ્ધ કર્મો બને છે. આ પ્રારબ્ધ મનુષ્યની નિયતિ બને છે. એને કોઈ બદલી શકતું નથી. મનુષ્યનો જન્મ એનાં કર્મોનાં ફળરૂપે થાય છે, તેમ તેની ઉન્નતિ કે અવનતિ, તેની સુખદ કે દુઃખદ સ્થિતિ અને તેનું મૃત્યુ પણ પ્રારબ્ધ કર્મ અનુસાર જ થાય છે. પોતાનાં કર્મનાં ફળ ભોગવવા માટે મનુષ્યના જીવન-મૃત્યુ, જન્મ-પુનર્જન્મનું ચક્ર ચાલ્યા કરે છે. મૃત્યુ માણસના શરીરનું થાય છે એના આત્માને મૃત્યુ નથી. મૃત્યુ પછી મનુષ્યોનો એનાં કર્મો અનુસાર દેવયોનિ, પિતૃયોનિ પછી અધોયોનિમાં પુનર્જન્મ થાય છે.

મનુષ્યને જેમ સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર એમ ત્રણ શરીરો મળે છે, તેમ ઈચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એમ ત્રણ શક્તિઓ પણ મળે છે. માણસ પોતાની ઈચ્છાશક્તિ વડે પોતાની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક જરૂરિયાતો સંતોષવા કર્મો કરે છે. બુદ્ધિશક્તિ વડે પોતાના જીવનને સફળ અને સાર્થક કરવાની મથામણ કરે છે. ક્રિયાશક્તિ વડે પોતાના જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા ચાર પુરુષાર્થો કરે છે. એમાંથી મોક્ષ એને મન પરમ પુરુષાર્થ છે. એ પ્રાપ્ત કરવા તે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા (અથવા માધ્યસ્થ)ની ચાર ભાવનાઓ કેળવી આરાધના, ઉપાસના, સાધના કે પછી ભક્તિની પ્રવૃત્તિ કરે છે.

માણસમાં દૈવી અને આસુરી બંને પ્રકારની સંપત્તિ હોય છે. આસુરી બળોને નાથવા તેણે સત્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહ જેવા પાંચ યમોનું અને શૌચ સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન જેવા પાંચ નિયમોનું આચરણ કરવું જોઈએ. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર તેના આંતરિક શત્રુઓ છે. તો શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન તેના છ મિત્રો છે. માણસમાં દેવ અને દાનવ બંનેના અંશો છે, તેથી માણસે ઉચ્ચ આચારો, આદર્શો, મૂલ્યો, સદ્‌ગુણો અને પરંપરાઓ અનુસાર પોતાનું ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક જીવન જીવવું જોઈએ. પ્રેય કરતાં શ્રેયને લક્ષમાં રાખીને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌નો આદર્શ રાખીને આનંદમય, ચૈતન્યમય, પરમ પારમાર્થિક જીવન જીવવાની મહેનત કરવી જોઈએ.

જીવન જટિલ અને સંકુલ છે. કેમકે એ સંબંધો, વ્યવહારો અને કર્મોનું ઝાળું છે. એ મોહ, માયા, અજ્ઞાન અને અભિમાનને કારણે જીવને અહંતા-મમતાના, રાગદ્વેષના, સુખદુઃખના, હર્ષ-શોકનાં બંધનોમાં બાંધ્યા કર્યા કરે છે. માણસને ઈચ્છાઓ, લિપ્સાઓ, કામનાઓ, વાસનાઓ, એષણાઓ, અપેક્ષાઓ આસક્તિઓ અને આકાંક્ષાઓના ખેલમાં કઠપૂતળીઓની જેમ નચાવ્યા કરે છે. માણસ મૃણ્યમ (માટીનો) તો છે, પણ એમાંથી ચિન્મય બનવામાં જીવતો જયવારો છે.

જીવનની જેમ આ જગત પણ ક્ષણભંગુર છે, અનિત્ય છે. કેમકે એ પરિવર્તનશીલ અને વિકારી છે, સ્વપ્ન સમાન છે. તેથી તેનાં પ્રલોભનોથી લોભાયા કે લલચાયા વિના અનાસક્ત રહી મનુષ્ય તરીકેની પોતાની અશક્તિઓ અને ચંચળતાઓથી તથા સંસાર અને જગતની આસક્તિઓ અને અધૂરપોથી મુક્ત થવા વિવેક, વૈરાગ્ય, મુમુક્ષુતા કેળવી સ્વ-રૂપ સાથે અનુસંધાન સાધવું જોઈએ.

અનંતકોટિ બ્રહ્માંડોની રચના કરનાર પુરુષ એટલે બ્રહ્મ છે. એ બ્રહ્મમાંથી જ બ્રહ્માડનાં તમામ તત્ત્વો, સત્ત્વો અને જીવોની ઉત્પત્તિ થાય છે અને તેમાં જ એનો વિલય થાય છે. ક્ષર, અક્ષર અને અક્ષય એમ બ્રહ્મના ત્રણ રૂપમાંથી ક્ષરબ્રહ્મ આ સચરાચર સૃષ્ટિ છે, અક્ષરબ્રહ્મ અંતરિક્ષની દેવસૃષ્ટિ છે અને અક્ષય બ્રહ્મ તે નિરંજન, નિર્ગુણ, નિરાકર

પરમ અને વ્યાપક ચૈતન્યશક્તિ છે. તેને જ, વ્યાપક હોવાને કારણે, વિભુ અથવા વિષ્ણુ કહે છે. એ પરમાત્મા છે. જ્યારે ઈશ્વર તેમનું માયાવિષ્ટ સાકાર સ્વરૂપ છે. અવતારો એ સજ્જનો, સાધુઓ અને સંતોનું તેમ જ ધર્મનું રક્ષણ કરવા અનિષ્ટો અને દુરિતોનો નાશ કરી ધર્મનું પુનઃસ્થાપન કરવા માટે માનવ શરીર ધારણ કરતાં જીવવિશેષો છે. આ ધર્મ એટલે કોઈ કોઈ મત, પંથ કે સંપ્રદાય નહીં, પરંતુ કુદરતના જે સનાતન નિયમો (યુનિવર્સલ લોઝ) નક્કી થયેલા છે, તે મુજબનું આચરણ એટલે ધર્મ એ અધ્યાત્મ ઉપર આધારિત કર્તવ્યશાસ્ત્ર છે. આ કર્મ ઉર્ફે આચારશાસ્ત્ર શાખવવા માટે અવતારો અને શાસ્ત્રગ્રંથોનો પ્રાદુર્ભાવ થયો છે. શ્રુતિ, સ્મૃતિ અને સંહિતાઓ સૂત્રગ્રંથો, દર્શનગ્રંથો, પુરાણો, રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવતગીતા અને યોગવસિષ્ઠ, વિદુરનીતિ, ચાણક્ય નીતિ જેવા ગ્રંથો નીતિ (Morality and Policy), યુક્તિ (Devises and Strategies), ભક્તિ (Devotion), મુક્તિ (Salvesion) અને સિદ્ધિ (Achievment and Accomplishment)ના ખ્યાલો રજૂ કરી જીવન જીવવાનું વિજ્ઞાન અને એની કળા બંને શીખવે છે.

માણસે નીતિમય જીવન જીવવું જોઈએ. તેની નીતિમત્તાનું ઘડતર કુટુંબપરિવાર, શિક્ષણસંસ્થાઓ, ધર્મ અને રાજ્ય જેવી ચાર પાયાની સંસ્થાઓ કરે છે. જેના વિચારો અને વ્યવહારો અનુકરણીય હોય એવી વ્યક્તિઓને મહાજન સમજીને એમની જીવનશૈલીને અનુસરીને નૈતિક જીવન જીવવું જોઈએ.

એ જ રીતે માણસે આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક સમસ્યાઓથી ઉત્પન્ન થતા આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી મુક્ત થઈ સુખી થવાને માટે પોતાનું ઉન્નયન સાધનાર આધ્યાત્મિક જીવન જીવવા મથવું જોઈએ. એ માટે એણે કર્મ, જ્ઞાન, ભક્તિ અને યોગ જેવી સાધના દ્વારા પોતાનાં આંતરબાહ્ય સાધનો (શરીર, ઈન્દ્રિયો, મન બુદ્ધિ, ચિત્ત અને અહંકાર)ની અશુદ્ધિઓ, ઊણપો અને ત્રૂટિઓને ઓળંગીને પરમ આનંદની સુખમય અનુભૂતિ પ્રાપ્ત કરવી જોઈએ. વાસનાક્ષય, મનોનાશ અને આત્મદર્શનાં ત્રણ સોપાનો પાર કરી માણસ સત્ચિત આનંદની, અવસ્થા પામી શકે છે.

ભારતીય પ્રજાની જીવનદૃષ્ટિમાં તપ ઉર્ફે તપશ્ચર્યાનું મહત્ત્વ ઘણું છે. શરીર, મન તથા વાણી એ ત્રણેયમાં વિકૃતિ એટલે કે મેલ ઉત્પન્ન થતો હોય છે. એ પ્રક્રિયા કુદરતી છે. તે મેલને દૂર કરી એ ત્રણેયને શુદ્ધ કરવાની ક્રિયા, એને તપ કહે છે. માણસને પોતાને જે યોગ્ય લાગે, સ્તય લાગે, તે જ રીતે શરીર મન અને વાણીને મિત્ર બનાવીને તેની પાસેથી યથાયોગ્ય કામ લેવું એ તપ છે. આવા કાર્ય માટે જે તાપ સહન કરવો પડે તેને તપસ્યા કહેવાય. માણસ પોતાને બદલે બીજાને માટે કષ્ટ કે દુઃખ સહન કરે એને તપસ્યા કહે છે. માણસ શરીરથી જે સહન કરે, મનથી ધીરજ અને સહિષ્ણતાનો ભાવ જાળવે અને પોતાની વાચાળતાને કાબૂમાં રાખી મૌન પાળે, એને તપ કહેવાય. આથી ભારતીય પ્રજા યમ, નિયમ, વ્રત, ઉપવાસ અને મૌનનો મહિમા કરે છે.

ભારતીય પ્રજાની દૃષ્ટિમાં ભોગ કરતાં ત્યાગનો મહિમા વિશેષ છે. ભોગમાં તો ક્ષણિક અને સ્થૂળ આનંદ છે, પણ ત્યાગમાં તો નિત્ય અને અલૌકિક આનંદ છે. આ દેશની પ્રજાને તેના પૂર્વજોએ ગીધની જેમ અકરાંતિયા ભોગી ન બનવાની, પણ ત્યાગીને ભોગવવાની અનુગામી પ્રજાને શિખામણ આપી છે. આ કારણે તીર્થો, મંદિરો, પર્વતો, વૃક્ષો અને સરિતાઓની પરિક્રમાની જે પરંપરા છે, તેમાં દરેક પરિક્રમાને અંતે વ્યક્તિને જેનો લગાવ કે જેનું વ્યસન હોય એવી કોઈને કોઈ વસ્તુની લત કે તેનો મોહ છોડી, તેનો ત્યાગ કરવાની અપેક્ષા છે. ભારતીય પ્રજાજન પ્રત્યેક યાત્રા બાદ એકાદ વસ્તુનો ત્યાગ કરતો જાય છે. વડીલો કમાવાના કે વ્યવહારો નિભાવવાના સામાજિક અને વ્યાવસાયિક કાર્યભારનો ત્યાગ કરતા રહે છે. વયસ્કો સામાજિક હોદ્દાઓનો, વૃદ્ધો ન્યાતવરાના જમણવારનો, વિધવા સ્ત્રીઓ રંગીન વસ્ત્રો, આકર્ષક આભૂષણો અને સૌંદર્ય પ્રસાધનોનો પરિત્યાગ કરી સાદું, વળગળ વિનાનું સંયમી જીવન જીવતી હતી. ભારતીય પ્રજાને તેના પૂર્વજોની શીખ હતી કે સમાજના શ્રેય માટે વ્યક્તિએ પોતાના કુટુંબપરિવારનો, રાજ્યના શ્રેય માટે સમાજનો, રાષ્ટ્રના શ્રેય માટે રાજ્યનો અને વિશ્વકલ્યાણ અર્થે પોતાના જીવનનો ત્યાગ કરવો જોઈએ. આ કારણે તો ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રમુક્તિની ચળવળમાં અનેક લોકોએ પોતાના તનમનધનનો, પોતાના શિક્ષણ, સ્વવસાય અને ધંધાનો પોતાની સંતતિ, સંપત્તિ અને બચતનો ત્યાગ કર્યો હતો. પોતાની કે પોતીકાંની સુખાકારી કરતાં બીજાની સુખાકારી માટે આવો ત્યાગ કરવામાં જે આનંદ આવે છે, તે અલૌકિક સ્વરૂપનો હોય છે, એવી દૃષ્ટિ ભારતીય પ્રજાની છે. એટલે વસ્તુના કે વસુના પરિગ્રહ (સંગ્રહ) કરતાં અપરિગ્રહનો આપણી સંસ્કૃતિમાં મહિમા થયેલો છે

ભારતીય પ્રજાની જીવનદૃષ્ટિનું ત્રીજું પરિમાણ દાન અંગેનું છે. માણસ પાસે તન, મન અને ધન છે. એ ત્રણેય

રજોટાઈને મેલાં થાય છે. શરીર જેમ સ્નાનથી, મન જેમ ધ્યાનથી, તેમ ધન દાનથી શુદ્ધ થાય, એવો ભારતીય પ્રજાનો ખ્યાલ છે. તેથી ભારતીય પ્રજાએ દાન અને દક્ષિણાનો મહિમા કર્યો છે. આ કારણે ધનદાન, ગૌદાન, કન્યાદાન, વચનદાન, વરદાન વગેરે અગત્યનાં મનાયાં છે. દાન દેશ-કાળ અને પાત્રને જાણી સમજીને આપવું, શ્રદ્ધાપૂર્વક આપવું, વૈભવ અનુસાર આપવું, વિનયપૂર્વક આપવું, શાસ્ત્રોની આજ્ઞાનો ખ્યાલ રાખીને આપવું. શાસ્ત્રાજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને, દેખાદેખીથી, શ્રદ્ધા ન હોવા છતાં મોટાઈના મદમાં, ગજા ઉપરાંતનું દાન કરવું નહીં, એની સ્પષ્ટતા પણ કરેલી છે.

ભારતીય પ્રજાની જીવનદૃષ્ટિનું ચોથું પરિમાણ છે સંયમ અંગેનું વિચાર, વાણી અને વ્યવહારમાં સંયમની વાત ભારતીય પ્રજાએ સ્વીકારેલી છે. માણસ પાસે તનની, મનની, બુદ્ધિની અને ધનની સંપત્તિ છે એ સંપત્તિઓની બાબતમાં માણસ જો સુખી અને શ્રીમંત હોય તો એનો દેખાડો અને ધજાગરો ન કરવાની, વિવાહ, લગ્ન, વાસ્તુ અને વરસી જેવા પ્રસંગોએ ખર્ચની બાબતમાં સંયમિત રહેવાની, નાનાં-મોટાં પદ કે હોદ્દાઓ અને આબરૂ-પ્રતિષ્ઠા મળેલાં હોય તો સત્તામાં મદોન્મત ન થવાની, બુદ્ધિધન હોય તો આછકલાઈ ન કરવાની, શ્રીમંતાઈનું પ્રદર્શન ન કરવાની વાતનો ખાસ આગ્રહ રાખ્યો છે. મોજશોખ, ભોગવિલાસ, ખાન-પાન, રીતરિવાજ, વસ્ત્રાભૂષણોના પરિધાન-વગેરે બાબતોમાં ઉડાઉપણાની તથા જાતિકુળ વર્ણ, ધર્મ અને જ્ઞાનનો અભિનિવેશ ટાળવાની વાત આગળ કરેલી છે. સુખમાં અને દુ:ખમાં સમતા, સંબંધો અને વ્યવહારોમાં સમરસતા, દૃષ્ટિ અને વૃત્તિમાં ઉદારતાની, વિચાર અને વલણોમાં વિશાળતાની અપેક્ષા રાખી છે.

આ થઈ ભારતીય પ્રજાની જીવનદૃષ્ટિને ઓળખાવતાં મહત્ત્વના મુદ્દાઓની વાત. આ ઉપરાંત ભારતીય જીવનદૃષ્ટિમાં યજ્ઞ, સ્વાધ્યાય, મૃદુતા, ક્ષમા, શૌચ અને નાતિમાનિતાના ખ્યાલો પણ અનુસ્યૂત રહેલા છે.

ભારત અન્ય રાષ્ટ્રોથી અલગ અને વિશિષ્ટ વ્યક્તિત્વ અને ચરિત્ર્ય, એનાં આચારો, આદર્શો, મૂલ્યો, પરંપરાઓ, માન્યતાઓ, ભાવનાઓ, સંસ્કારો વડે પ્રાપ્ત કરે છે તેમ, એની જીવનદૃષ્ટિને કારણે પણ પ્રાપ્ત કરે છે, એ આટલી ચર્ચાથી સમજાશે.

---

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર, ફોન નં : ૦૨૬૯૨-૨૩૩૭૫૦
સેલ નં : ૦૯૭૨૭૩૩૩૦૦૦

**।। વિદ્યાવૃત્ત ।।**

## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે નેશનલ સિમ્પોઝીયમ ઓન ''સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્લ્ડ :૨૦૨૫'' નો પ્રારંભ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયર્સ (ઇન્ડિયા), SSIP, TEQIP-III, યુરલ ફેડરલ યુનિવર્સિટી (રશિયા), ઇશિક યુનિવર્સિટી (ઇરાક) અંતર્ગત નેશનલ સિમ્પોઝીયમ ઓન ''સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્લ્ડ :૨૦૨૫''નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઈ પટેલ, શ્રી બીરેન દલાલ (પ્રોજેક્ટ ડિરેક્ટર, ટાટા ગ્રુપ), શ્રી મુકેશ રાવલ (ભૂતપૂર્વ પ્રોજેક્ટ ડિરેક્ટર, સ્ટેચ્યુ ઓફ યુનિટી), ડૉ. ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ, બીવીએમ) ઈવેન્ટ કોર્ડીનેટર્સ ડૉ.એલ.બી.ઝાલા (હેડ, સિવિલ એન્જિ.), પ્રો.અમિત ભાવસાર, ડૉ. એસ.ડી.ધીમાન (TEQIP-III, કોર્ડીનેટર), પ્રો. નેકઝાદ ઉમરીગર ઉપસ્થિત રહ્યા હતા.

## એસ.જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ આયોજીત મફત નિદાન સારવાર કેમ્પ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત, એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ દ્વારા દર્દીઓ માટે નિ:શુલ્ક આયુર્વેદ સારવાર અને રહેવા, જમવાની વ્યવ્યસ્થા પુરી પાડવામાં આવે છે. સી.વી.એમનાં ચેરમેન શ્રી બી.બી.પટેલ સાહેબની પ્રેરણાથી આણંદનાં આજુબાજુનાં વિસ્તારમાં મફત નિદાન અને આયુર્વેદ સારવાર ચિકિત્સા કેમ્પનું આયોજન નિયમિત થતું રહે છે. જે અંતર્ગત જાન્યુઆરી માસમાં ખંભાત, મોગરી, કાસોર, વૈણેજ, ભાંભવા અને તારાપુર ગામે સારવાર કેમ્પ યોજાયા. જેમાં કુલ ૧૯ કેમ્પમાં કુલ ૧૬૮૯ દર્દીઓએ આ સારવારનો લાભ લીધો હતો. આવા કેમ્પ યોજવા માટે સંસદ સભ્ય શ્રી દિલિપભાઈની ગ્રાન્ટમાંથી હોસ્પિટલને એબ્યુલન્સનુ દાન પ્રાપ્ત થયેલ છે. આ કેમ્પ યોજવામાં ખંભાતનાં અંજનાબેન રાવલ, તારાપુરનાં અરવિંદભાઈ, ભાંભવા ગામનાં મોહનભાઈ અને કાસોરના સરપંચશ્રી નો સાથ સહકાર મળેલ છે. આ કેમ્પમાં હોસ્પિટલનાં ડૉક્ટર્સ તથા અન્ય કર્મચારી ગણે સેવા બજાવી હતી.

।। વિશેષ ।।

## બ્રહ્મસૂત્ર

ગિરીશ જાની

''અથાતો બ્રહ્મ જિજ્ઞાસા'' આ બ્રહ્મની જિજ્ઞાસા છે.

જિજ્ઞાસા ખરી પણ... બુદ્ધિપૂર્વકની મુક્તિ માટે ભક્તિ યુક્તિ છે. તને મુક્તિની ઈચ્છા છે? તું તો સદા મુક્ત જ છે. તારા ચિત્તે તને ભક્તિથી ડરાવ્યો છે.

ભક્તિ કરીશ તો કામનો છેદ ઊડી જશે. ભક્તિ કરીશ તો લોભ ભુલાઈ જશે. ભક્તિ કરીશ તો ક્રોધ નાશ પામશે. ભક્તિ કરીશ તો મોહ મટી જશે. ભક્તિ કરીશ તો મત્સર નાશ પામશે. લોકો નમાલો નમાલોની લાળ દેવા લાગશે.

બ્રહ્મ એક યાત્રા છે, જીવને શિવનો અનુભવ કરાવનારી. બ્રહ્મ એક આશા છે જીવને શિવ બનાવવા માટે. બ્રહ્મ એક આચમન જીવને શિવ બનાવવા માટે.

સાપ મરે નહીં અને લાકડી ભાંગે નહીં. સંસાર ભોગવવો છે કંઈક વાસના માટે, કંઈક કામના માટે, જ્ઞાની ભરત વાસનાને કામના માટે જડ ભરત થઈ ગયો.

આશાને પામવાને માટે, જિજ્ઞાસાને સંતોષવાને માટે સંસાર એક યાત્રા છે. જેનાથી આ જગત ઉત્પન્ન થયું છે. જેના આધારે આ જગત સ્થિર દેખાય છે. જેનામાં આ જગત લય પામે છે તે પરમાત્મા કોણ છે? તારી દ્દષ્ટિકોણમાં તે આવે છે?

પરમાત્મા દેખાય છે અને નથી પણ દેખાતો. જિજ્ઞાસા શેની થાય છે? જે ના હોય તેની જિજ્ઞાસા થાય છે. તે તો સ્વાભાવિક જ છે, પણ જે ના હોય તેની જિજ્ઞાસા થાય તો?

સૂર્ય નારાયણને એક દીપક વડે આરતી ઉતારો તેવું થાય.

આ જગત ઉત્પન્ન નથી થયું, આ જગત સ્થિર પણ નથી. તેમ જ આ જગતનો લય પણ નથી. તું નતો તોય આ જગત આમ જ હતુ. તું છે તોય આ જગત આમ જ છે. તું નહિ હોય તો પણ આ જગત આમ જ હશે. તારો કોઈ પત્તો નથી. અને બ્રહ્મની વ્યાખ્યા કરવા બેસી ગયો છે?

જગત એટલે જે નથી દેખાંતુ તે, બ્રહ્મ એટલે જે દેખાય છે તે. બ્રહ્મ અને જગત સાપેક્ષ છે. જેમ મા અને દીકરી મા છે તો દીકરી છે તો મા છે. જગતની ઉત્પત્તિ કામથી થઈ કે રામથી? જે મનથી પર છે તે બધું બ્રહ્મ. જે મનથી સમજી શકાય છે તે બધું જગત. મનની વ્યાખ્યા તારી પાસે છે? તું તો મનને ચિત્ત કહીને બેઠો છે ને ચિત્તને મનની વ્યાખ્યામાં જોખે છે.

મન જગતમાં નથી. મન ભ્રહ્મમાં નથી. તેમ જ મન બ્રહ્મમાં પણ નથી. મન જગત અને બ્રહ્મથી પર છે. જ્ઞાનીનું જ્ઞાન મનમાં છે. ધ્યાનીનું ધ્યાન તનમાં છે. બ્રહ્મ એક આકાશી તત્ત્વ છે. ઈંડાં જેવું છે. નેત્રપટલ જેવું સફેદ સવિતાથી પર કવિતાથી પર.

તમે જેને ભજન કહો છો તે બ્રહ્મને જાણવા માટેની માથાકૂટ છે. કહો મથામણ છે. કેમ કે બ્રહ્મનો તમે વિચાર કરી કરીને થાકી જાવ. વિચાર અને શબ્દથી તમે પર થઈ જાવ. ત્યાંથી બ્રહ્મનો ઉદય થાય છે. તમે બ્રહ્મને પરમાત્મા કહો એટલે બીજી માથાકૂટ. તને હજી તારી ઓળખાણ નથી થઈ ને બ્રહ્મની થઈ ગઈ?

આ જગતમાં કોઈનો જન્મ થતો નથી અને મૃત્યુ પણ થતું નથી. બીજમાંથી વૃક્ષ પેદા થાય છે. વૃક્ષમાંથી બીજ. પવન તુ, પાણી તું, તું તો સમજતો જ નથી.

બ્રહ્મને તમે નિરાકાર કહો છો. કારણ તે સર્વવ્યાપક છે. સર્વવ્યાપકની વ્યાખ્યા કરવા જશો તો તેમાં ''હું'' ભળી જઈશ. બ્રહ્મ એક શૂન્ય ગગન છે. તેને જાણવાની ઈચ્છા કરશો તો ગન ફૂટશે ને મગનભાઈ તેમાં ભળી જશે.

બ્રહ્મનો કોઈ કર્તા નથી, બ્રહ્મનું કોઈ કર્મ નથી. તેમ જ બ્રહ્મનું કોઈ પદ નથી. તે વ્યાપક છે. તુ તેમાં જ છે. બ્રહ્મ શાશ્વત પણ નથી. બ્રહ્મ અશૂન્ય છે. શૂન્યની બહાર પણ.

કોઈએ બ્રહ્મને જાણવાની માથાકૂટ ના કરવી તે બીજામાં છે. છતાં તે નબી છે. બ્રહ્મ શ્રવણનો વિષય નથી. બ્રહ્મને જાણવા નિધિ ધ્યાસન પણ જરૂરી નથી. કારણ તેનું નિરંતર ચિંતન કરવાથી તમે શૂન્યમાં સરી પડશો. આ શૂન્ય જ તમને મહાશૂન્યમાં લઈ જશે. દીકરાનો બાપ થાય છે. અને બાપનો દીકરો થાય છે.

આ બધું સમજાય તેમ નથી. તેમ જ સમજવા જેવો પણ નથી. ખોળિયામાં તમે દાબી દાબીને રૂ ભરો તો શું થાય? ખોળિયું કદાચ ફાટી જાય.

કોઈએ બ્રહ્મને જાણવાની મથામણ ના કરવી તે માયાથી પર છે. તે કાયાથી પર છે. વાણીનો વિષય જ નથી. મનનો પણ નહી.

૫૬, ખોડિયાર નગર, સો. ગઢડા, જિલ્લો બોટાદ,
મો-૯૪૨૬૩૪૧૪૫૫

॥ લલિત નિબંધ ॥

## ધુમાડો હવાના પૃષ્ઠ પર કૃષ્ણનું ચિત્ર દોરે છે!

**રમેશ પટેલ**

જૂના ઘરના માટીના ચૂલા પર બા કરસાઠી અને છાણાં સળગાવી રાંધતી ત્યારે બાની આંખ ધુમાડો આંજતી! ધુમાડો બાના આંસુ બની વહી જતા એ હું આજેય જોઈ શકું છું. ધુમાડાથી ઘર ઉભરાય જતું છલકાય જતું મેં જોયું છે!

મચ્છરો ભગાડવા બા લીમડાના પાનનો ધુમાડો કરતી. મચ્છરો; ધુમાડો જોઈ ઘર-ત્યાગ કરી શેરીમાં અન્યત્ર ભાગી જતાં!

બા રોટલા ઘડતી ત્યારે ધુમાડાની રજને લીધે તાવડી હસતી! મને એ જોઈ ઘણું અચરજ થતું. બા રડે અને તાવડી હસે એ ધુમાડાનું જ સર્જન છે!

સાંજે ઝૂંપડીઓમાંથી અને ફૂટપાથ પર ત્રણ ઈંટના ચૂલા પરથી ઉત્સર્જાતા ધુમાડામાં ભારતની ગરીબાઈના દર્શન થાય છે! 'બેવફાઈ' દિલમાં ધુમાડો અર્પે છે!

સ્મશાન ભૂમિમાં ચેહમાંથી નીકળતા ધુમાડા પર 'મૃત્યુ'ની કવિતા વાંચી શકાય છે. એક કાવ્યમય વિચાર મને સ્મશાનમાંથી જ આ મૂંઝવણો પ્રાપ્ત થયાં છે :-

'દેહના ભડકા પછીની રાખમાં
અસ્થિના સગપણ સરાસર નીકળે!'

દિવાળીના દિવસોમાં કાળી ચૌદસની રાતે બા ઘીનો દીવો કરી કોડિયા ઉપર સહેજ હવાની અવરજવર રહે એ રીતે બીજું કોડિયું ઊંધુ ગોઠવી 'મેશ' પાડતી! મેશ એ 'વાયુરૂપ' ધુમાડાનું 'ઘન' સ્વરૂપ છે! શું ધુમાડો આંખમાં આંજી શકાય ખરો ? ના, મેશ આંખને નુકસાન જ કરે છે!

શિયાળામાં ટાયર સળગાવાથી થતો ધુમાડો પ્રદૂષણનો ગુણાકાર કરે છે! મચ્છરો ભગાડવા માટેની ધૂપસેર એ પણ પ્રદૂષણમાં વધારો કરો છે. હવે ધૂપસેરની નવા પ્રકારની તરકીબની શોધ થઈ છે જેથી પ્રદૂષણ ઘટશે જરૂર.

ગુસ્સાના કારણો મનમાં થતો 'ધુમાડો' માનવ શરીરનું બ્લડ પ્રેશર વધારે છે દોસ્તો!

ભાવિક ભક્તજનોને ધૂપસળી સળગાવવાથી થતા ધુમાડામાં ઈશ્વરનો ચહેરો નજરે પડે છે! નાનું બાળક વાદળાંઓને આકાશમાં ઊડતો 'ધુમાડો' કહે છે ત્યારે મન પ્રસન્નતાનો અનુભવ જરૂર કરે છે! ધુમાડો ઊર્ધ્વગામી હોય છે. પ્રદૂષણ એ ન જોઈ શકાય એવો ગંભીર ધુમાડો છે! આપણે 'કાગળો' કે 'પસ્તી' સળગાવીએ છીએ ત્યારે થતો ધુમાડો જોઈ લીલેરા વૃક્ષોની આંખમાંથી આંસુ વહી નીકળે છે!!! મેં ધુમાડો વાવ્યો, મનમાં ઊગી ગયો : કલરવ!

ધુમાડાનું ચિત્ર દોરતા બાળકાના હાથ અને કપડાં કાળા બની જાય છે! ધુમાડાને અજવાળાનું સમણું આવે છે. આગ લાગે ત્યારે થતો ધુમાડો માણસને ઘરવિહોણાં બનાવી મૂકે છે. આમ ધુમાડો રાયને રંક બનાવવા સમર્થ છે! જંગલમાં લાગેલી આગને કારણે ઉત્સર્જાતા ધૂમાડામાં આપણે પ્રાણીઓની 'ચીસ' જોઈ શકીએ છીએ! ત્રણ ઈંટનો ચૂલો ધુમાડો જ ઉત્પન્ન કરે.

રાવણ દહન સમયે થતો ધુમાડો આપણને જ્ઞાનનું ગર્વ નહીં કરવાની સલાહ, માર્ગદર્શન આપે છે! પ્રત્યક્ષ ધુમાડામાં અપ્રત્યક્ષ વ્યક્તિઓના ચહેરા જોઈ શકે તે કવિ!

પૈસાનો ધુમાડો કરોડપતિને રોડપતિ બનાવે છે! ધુમ્મસ એ પ્રકૃતિએ કરેલ ધુમાડો છે. સાંજ ટાણે કવિ માટે ધુમાડો વેદનામય કવિતા બની જાયછે!

મારા પત્ની ચંપાવતીનું નિધન તા. ૩૦/૦૭/૨૦૧૬ના રોજ લ્યુસર્ન-સ્વિત્ઝરલેન્ટમાં થયું ત્યારે 'ધુમાડો' જોઈ આ મુજબ વિચાર આવેલ :-

લ્યુસર્ન ચર્ચમાં
અગ્નિદાહ દેવાએ
ચીમનીમાંથી
નીકળતા
ધુમાડાના આકાશમાં
તારી
અનુપમ મુખાકૃતિનું
અંતિમ દર્શન કરી
મે મનોમન કહ્યું :
'શૂન્ય શૂન્યમાં ભળી
ગયું રે લોલ!'

ધુમાડા પાછળનું અજવાળું સૂરજને પણ ચંદ્ર બનાવે છે! આપણે 'હોળી' ન સળગાવી ધુમાડાનું 'પ્રદૂષણ' અટકાવીએ એ જ પ્રાર્થના.

ધુમાડો હવાના પૃષ્ઠ પર કૃષ્ણનું ચિત્ર દોરે છે! અસ્તુ!

'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા અને સરદાર પુલ પાસે,
અડાજણ રોડ, સુરત - ૩૯૫ ૦૦૯, મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫

।। અવલોકન ।।

## સર્જકશક્તિનો અનેરો આયામ

**અજય પાઠક**

વડોદરા મુકામે 'લાડ ભવન' ખાતે 'ગ્રંથગોષ્ઠિ' સંસ્થાના ઉપક્રમે બૅંક ઑફ બરોડાના પૂર્વ સિનિયર મેનેજર શ્રી જગદીશ શાહની સર્જકશક્તિનો અનેરો આયામ દર્શાવતાં ત્રણ પુસ્તકોનો વિમોચનવિધિ તા. ૨૯/૧૨/૨૦૧૯ના રોજ સંપન્ન થયો. પોતાના જીવનના આઠમા દાયકાના આરંભે આશરે ૨૦૦/૨૦૦ પાનાના ત્રણ જીવનલક્ષી ગ્રંથોનું એક સાથે લેખન/પ્રકાશન કરીને સર્જકશ્રી જગદીશ શાહે મારા જેવા બૅન્કર-વાચકને વિસ્મયમાં મૂકી દીધેલ છે. પુસ્તકો વાંચતાં સમજાયું કે લેખકે પોતાના શબ્દને બૅંકલોકરમાં, ગુપ્તવાસમાં રાખ્યો હતો. તે આજે સુપેરે સહજસ્ફૂર્ત રૂપે પુસ્તકો રૂપે પ્રગટ્યો છે. આ પુસ્તકો છે.: ૧- ''ખૂલ જા સિમ સિમ'' (પ્ર.આ.૨૦૧૮ પૃ.૧૨૯), ૨- ''હું મૂલ્યવાન બની ગયો'' (પ્ર.આ. ૨૦૧૯ પૃ.૧૨૬), ૩- ''બસ, હવે તો આનંદથી જ જીવવું છે'' (પ્ર.આ. ૨૦૧૯ પૃ. ૧૭૯) ત્રણેય પુસ્તકોના પ્રકાશકઃ એવીન્સપબ પબ્લીશીંગ, નહેરુનગર, બિલાસપુર, છત્તીસગઢ ૪૯૫૦૦૧ અત્યંત ટૂંકમાં આ પુસ્તકો વિશે કહેવું હોય તો આમ કહી શકાય.

૧. ''ખુલ જા સિમ સિમ Thank you I Love you'': આ પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ મન હૃદયની અભૂતપૂર્વ શક્તિ ઉજાગર કરી Thank you I love you ના પાસવર્ડ દ્વારા અમૂલ્ય ખજાનો પ્રાપ્ત કરવાનો છે. જીવનમાં અનંત આનંદની સ્થાપના કરવા માટેનો જાદુઈ કીમિયો બતાવતું આ પુસ્તક પરીવારમાં જિંદગી બદલી શકે તેવી શક્તિ ધરાવે છે. હિંમત હારી ગયેલ તેમજ નાસીપાસ થયેલ વ્યક્તિના જીવનમાં નવો પ્રાણ પૂરી આનંદનો અહેસાસ કરાવે છે.

૨ - ''હું મૂલ્યવાન બની ગયો'' આ પુસ્તકનો મુખ્ય ઉદ્ધેશ માનવીનું સમગ્ર જીવન કુદરતના વિનિમય મૂલ્યના વ્યવહારના સિદ્ધાંત ઉપર છે. મૂલ્ય એટલે માપદંડનું એક આભૂષણ. જ્યાં સુધી કોઈપણ વ્યક્તિને-વસ્તુને કે કોઈપણ બાબતને મૂલ્યનું આભૂષણ નથી ચઢતું ત્યાં સુધી તે મૂલ્યવિહીન રહે છે. વિનિમય મૂલ્ય એટલે જીવનના દરેક વ્યવહારમાં ઊભા રહેવા માટે, ભાગ લેવા માટે આપણે પોતે પ્રાપ્ત કરેલ સક્ષમતા જે હંમેશાં એકબીજા સાથે વિનિમયમાં રહે તો જ આપણું મૂલ્ય જીવંત રહે છે.

૩ - ''બસ, હવે આનંદથી જ જીવવું છે'' આ પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ આનંદ માર્ગમાં આવતા અવરોધો અને સાચી દિશાનું દર્શન કરાવી જીવનમાં આજવાળા પાથરવાનો કીમિયો બતાવે છે. સમગ્ર પુસ્તકની પ્રેરણાદાયક વાતો આનંદથી જીવવાની જડીબુટ્ટી સમાન છે. જ્યારે વ્યક્તિ 'બસ, હવે તો આનંદથી જ જીવવું છે એવો દૃઢ સંકલ્પ કરે છે ત્યારે પ્રભુ 'તથાસ્તુ' કહી તમામ સુખ, સમૃદ્ધિઓ અને આનંદના દ્વારો ખોલી નાખે છે.

આમ ત્રણેય પુસ્તક જીવનલક્ષી, વિચાર પ્રધાન, ચિન્તનયુક્ત પ્રેરણાદાયી સાહિત્યનાં પ્રકારમાં આવે. લલિત સાહિત્યના સર્જકો, પીઢ પત્રકારો અને તત્ત્વજ્ઞાન કે અધ્યાત્મને વરેલા લેખકો જીવનના કોઈ તબક્કે આવું સાહિત્ય પીરસતા હોય છે. આ પુસ્તકના લેખક વિજ્ઞાનના વિદ્યાર્થી છે, સ્નાતક છે. વ્યવસાયે બેન્કર છે અને બેન્કીંગ ક્ષેત્રની CAIIB પરીક્ષા જે પ્રમાણમાં મુશ્કેલ, અઘરી ગણાતી આવી છે તે પસાર કરેલ છે. વિદ્યાર્થી અવસ્થાથી જ હિન્દી કોવિદ, વિનીત કે સંસ્કૃતની વિશારદ જેવી પરીક્ષાઓ પસાર કરવાનું બન્યું છે. ઉપરાત બૅંકમાં જ્યારે જ્યારે કાવ્યસર્જન કે એવી કશી તકો આવી ત્યારે જગદીશભાઈએ સારો દેખાવ કરીને ઈનામને પાત્ર કૃતિ સર્જી છે. આમ વિજ્ઞાન, વ્યાપાર અને સાહિત્ય ત્રણે ક્ષેત્રે તેમનું વૃત્તિવલણ પ્રવર્ત્યુ છે. જીવનના આઠમા દાયકામાં પ્રવેશતાં લેખકને પુસ્તક લખવાની ''બર્નિંગ ડિઝાયર'' ઉત્પન્ન થઈ અને તેમને મહેસૂસ થયું કે ''હું મારી કલમને રોકી નહી શકું'' લેખક જણાવે છે. ''...અંતઃસ્ફૂરણાથી અવિરત પણ મારા વિચારો, મારી કલ્પનાઓને પુસ્તકરૂપી કૃતિમાં ઉતારતો ગયો. ઘણાં બધાં પુસ્તકોનું અધ્યયન તેમજ મારી કલ્પનાશક્તિ મારા માટે વિશાળ શક્તિ સ્વરૂપ પ્રેરણાનો સ્રોત બની ગયાં.'' આ શબ્દોનું પ્રમાણ આ ત્રણ પુસ્તકો છે.

આ પ્રકારનાં જીવનલક્ષી વિચારપ્રેરક ચિંતનશીલ સાહિત્યની ભાષા તથા વિચારનું ક્રમિક નિરૂપણ મારા રસનો વિષય બનતું હોય છે. પરંપરાગત ધાર્મિક વ્યક્તિઓ દ્વારા લખાયેલ સાહિત્ય, સર્જનાત્મક સાહિત્ય લખતા લેખક કે પીઢ પત્રકારના લખાણોનું વૈવિધ્ય તેમ જ પરસ્પરની ભિન્નતા ધ્યાન ખેંચતી હોય છે. આ સંદર્ભે પુસ્તકોની ભાષા અને રજૂઆતની શૈલી આકર્ષક તથા નવી છે. તેથી તે સુવાચ્ય છે. ''ખૂલ જા સિમ સિમ, Thank you, I love you'' પુસ્તકમાં મન-હૃદયમાં છૂપાઈને પડેલી શક્તિઓ શીર્ષકના આ શબ્દો, બીજમંત્રો કેવી રીતે

બહાર લાવે છે તેનું નિરૂપણ ૩૫ પ્રકરણો દ્વારા સંપન્ન કર્યું છે. આ પ્રકરણોને પાંચ વિભાગોમાં વહેંચ્યાં છે, ૧- સમસ્યાઓના સમાધાનની શોધમાં, ૨- મનોવ્યથા - હૃદયવ્યથા, ૩- મન હૃદય દ્વારા દિવ્ય સત્યનું જ્ઞાન, ૪- 'સત્ય'ને સ્વીકારી સમયસર 'સાવધાન' થઈ જવામાં જ શાણપણ છે, ૫- આખરે પ્રાપ્ત કર્યો 'સુખ-આનંદનો મૂલ્યવાન ખજાનો' Thank you, I Love You શબ્દોને પ્રાર્થનારૂપ ગણીને તે દ્વારા એક અનોખું ભાવાવરણ સર્જવાની લેખકની કલ્પના છે, અપીલ છે, જે અસરકારક છે. નવી છે. તેથી આવકાર્ય છે.

''હું'' મૂલ્યવાન બની ગયો' પુસ્તક પ્રમાણમાં નાનું છે. આખી વિચારણા ૧૭ પ્રકરણોમાં વહેંચીને વાત મૂકી છે. વાતચીતના સ્વરૂપે આરંભાઈ ચર્ચા-વિચારણાના સ્વરૂપે વિકસી લેખસ્વરૂપ ધારણ કરે છે અને લક્ષગામી બની એક વિચારને પ્રસ્થાપિત કરવા જાય છે. અહીં મૂલ્ય/વેલ્યુ શબ્દમાં સમાયેલા અનેક ભાવો, ગુણધર્મો સમજાવે છે. મૂલ્ય શબ્દને સ્પષ્ટ કર્યા બાદ વિનિમય મૂલ્યના વ્યવહારો લેખક સમજાવે છે. અહીં 'હું' વિશે સરળ -સહજ ભાષામાં વ્યક્તિમાં રહેલા બે હુંની વાત સમજાવે છે, બીજો 'હું' વ્યક્તિમાં રહેલ 'અહમ્' આ બંને 'હું' ની ચર્ચા રસપ્રદ બને છે. એ ઉપરાંત 'વિનિમય-મૂલ્ય' આ પુસ્તકનો અગત્યનો શબ્દ છે. લેખકનો ભાર આ શબ્દ પર છે. એમની વિચારણાનો આધાર-સ્તંભ છે. આખી વાતને સરસ રીતે વિવિધ દૃષ્ટાન્તો દ્વારા સમજાવે છે. આ દૃષ્ટાન્તો પ્રકૃતિ, બ્રહ્માંડમાંથી આવે છે. તેમાં દૃષ્ટિકોણ વૈજ્ઞાનિક રહે છે. ભાષા એકદમ સાદી, વાતચીત કે સંવાદના સ્વરૂપમાં રહે છે. તેથી વિચાર ગ્રાહ્ય બને છે. ધનવાન નહી, મૂલ્યવાન બનવાની વિશિષ્ટ એવી વિચારણા અભિનંદનીય છે.

'બસ, હવે તો આનંદથી જ જીવવું છે.' ત્રણ પુસ્તકો પૈકી આ પુસ્તક સૌથી પહેલું લખાયું છે. ૧૭૯ પાનાના આ પુસ્તકમાં લેખકની વાત ૨૭ પ્રકરણોમાં વહેંચાઈ છે. પુસ્તકને બે પ્રસ્તાવનાકારોએ આવકાર આપ્યો છે. ડૉ. દક્ષા વ્યાસ (વ્યારા) લેખકને આવકારતાં લખે છે 'બેંક મેનેજરમાંથી'- ભૌતિક અર્થના જગતમાંથી નિવૃત્ત થઈને આધ્યાત્મિક 'અર્થ'ના વિશ્વમાં જગદીશભાઈનો આ પ્રવેશ સુખદ વિસ્મય જગાડે છે'' દક્ષાબહેન જગદીશભાઈના લેખનને 'આનંદલોકનો યાત્રાપથ' કહે છે. શ્રી મોહનભાઈ બારોટ (વડોદરા) આ પુસ્તકને 'આ તો આરતી આનંદ મંગલની...' શબ્દોથી આવકારે છે. 'આપણું ઘર - આપણું મન મંદિર' પ્રથમ પ્રકરણથી આરંભાતું આ પુસ્તક ૨૬મા પ્રકરણમાં પહોંચતાં 'જલદી બારણું ખોલો, હું બહાર ઊભો છું' અને પ્રકરણ-૨૭માં 'તથાસ્તુ !' વાંચતા વાચક પણ આનંદલોકમાં પ્રવેશી રહે છે તેવી લેખન શૈલી છે. મુદ્દાસરની વાત, સૂત્રાત્મક રજૂઆત ! જગદીશભાઈ લક્ષ્મીજીના મંદિરમાંથી હવે સરસ્વતીના મંદિરમાં પ્રવેશે છે. તેમની પાસે ભાષા છે તેથી આ પ્રવેશ સાધિકાર છે !

'તપોવન-૪૩૨' પ્રભુદાસ તળાવ ચોક મઢૂલી પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧

॥ વિદ્યાવૃત્ત ॥

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે સેન્ટર ઓફ એક્સેલેન્સ ''નેબ્યુલા લ્યુમિનસ (IoT, Infrastructure)'' દ્વારા ઈન્ટરનેટ ઓફ થિંગ્સ વિષય પર ટ્રેનિંગ પ્રોગ્રામનું સમાપન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જી ડિપાર્ટમેન્ટ તથા સિસ્ટમ લેવલ સોલ્યુશન ઇન્ડિયા પ્રાયવેટ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે બી.વી.એમ. ખાતે ઓગસ્ટ ૨૦૧૯માં ''નેબ્યુલા લ્યુમિનસ (IoT, Infrastructure)'' સેન્ટર ઓફ એક્સેલેન્સની શરૂઆત થઈ હતી. જેના ઉપક્રમે SLS India Private Limitedના પ્રતિનિધિઓ એ બી.વી.એમ.ના વિદ્યાર્થીઓને 5 WEEK કલાકની ટ્રેનિંગ આપી હતી. તાઃ ૧૦/૧/૨૦૨૦ના રોજ યોજાયેલ સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલ, ડૉ.ભાર્ગવ ગોરડિયા (હેડ, ઇસી એન્જી), ઊર્મિક શાહ(પ્રોજેક્ટ મેનેજર, SLS India Private Limited), રિતેશ પ્રજાપતિ, જલ્પન પરીખ, હર્ષ દવે, ખોડાભાઈ અડાલજા, જયકિશન કા.પટેલ, રચના પટેલ, ધવલ પટેલ, ડૉ. દર્શન દલવાડી (કોર્ડીનેટર), પ્રો રોબિન્સ પોલ(કોર્ડીનેટર), પ્રો.અનીસ વ્હોરા(કોર્ડીનેટર) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ. ભાર્ગવ ગોરડિયાએ જણાવ્યું હતું કે ઇન્ડસ્ટ્રી અને ઇન્સ્ટિટ્યૂટ વચ્ચે સેતુ માટે સ્થપાયેલ ''નેબ્યુલા લ્યુમિનસ'' સેન્ટર ઓફ એક્સેલેન્સ ખાતે વિદ્યાર્થીઓને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, નેબ્યુલિંક ગેટવે, Zigbee, Bluetooth, Wifi, 6LowPAN વાયરલેસ પ્રોટોકોલ્સ, સેન્સર ઇન્ટરફેસિંગ વિથ નેબ્યુલિંક નોડ્સ, પાયથોન પ્રોગ્રામિંગ ફોર ઈન્ટરનેટ ઓફ થિંગ્સ જેવા વિષયો પર ૨૦ વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપવામાં આવી હતી.આ પ્રોગ્રામને અંતર્ગત ઇન્ટરનેટ ઓફ થિંગ્સના વિવિધ પ્રોજેક્ટસ બી.વી.એમ. ખાતે ઈમ્પ્લિમેન્ટ કરવામાં આવશે. તથા આવનારા સમયમાં બી.વી.એમ. અને સિસ્ટમ લેવલ સોલ્યુશનના સંયુક્ત ઉપક્રમે આઇઓટી ટેક્નોલોજી બેઝ્ડ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે AICTE દ્વારા જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેવા ૧૦ ટેક્નોલોજિકલ ટ્રેન્ડ્સમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સનો સમાવેશ થાય છે

।। આ માસનું ચિંતન ।।

## ચિંતન-૨

**ગૌરીશ પોરીઆ**

ખુદની બેદરકારીથી થયેલ નુકસાન યા જખમ યા ઈજાને આપણે નસીબનું નામ આપી દઈએ છીએ. નસીબમાં નુકસાન થવાનું લખેલું હશે યા નસાબમાં પીડા માંડી હશે એમ મન મનાવી લઈએ છીએ. વાહન ચલાવતી વખતે મોટાભાગે આપણી જ ગફલત કે બેદરકારીથી એક્સિડન્ટ થાય છે. ત્યારે એ માટે પણ આપણે કહીએ છીએ ''નસીબમાં માંડેલુ હશે'' એટલે અથડાઈ ગયા. અથવા જે જગ્યાએ એક્સિડન્ટ થયો હોય તે જગ્યોને દોષિત-શાપિત ગણીએ છીએ. આપણી ભૂલ બીજા ઉપર ઢોળી દેવી અને આપણો બચાવ કરી લેવો એ તો માનવ-સ્વભાવ છે. મારા એક મિત્રને બસ આવી જ ટેવ છે. એક વખત એની કારનું હેન્ડલ તેને લીધે જ ખરાબ થઈ ગયું હતું. પરંતુ તેના પુત્રને કારનું બારણું બંધ કરવા જણાવ્યું એણે બારણું ખેંચીને બંધ કર્યું તો હેન્ડલ બરાબર બંધ થયું નહીં અને મારા મિત્ર એના ઉપર ખૂબ વરસ્યા. ''આટલા જોરથી બારણું બંધ કેમ કર્યું? હવે જો આ હેન્ડલ ખરાબ થઈ ગયું તારા લીધે, મને ખર્ચો કરાવશે, જરા પણ ધ્યાન નથી રાખતો'' વગેરે વગેરે. હવે બોલો શું કહેવું? આવી ટેવ તો ઘણાં લોકોમાં હોય છે. અનુભવે ખબર પડે.

કુંભાર માટી અને પાણીના મિશ્રણમાં ગફલત કરે તો સરવાળે તો એને જ નુકસાન થવાનું, ધાર્યું ઉત્પાદન થશે નહીં જ્યારે એ માટે બીજા કોઈને દોષ દેવો વ્યાજબી નથી. કોઈપણ આવિષ્કાર યા તો ઉત્પાદન વખતે જો ચોક્કસાઈ રાખવામાં નહીં આવે તો તેનું પરિણામ નાના મોટા નુકસાનમાં પરિણમે છે. અનેક વૈજ્ઞાનિકોની અથાક મહેનત દ્વારા તૈયાર કરાયેલું અવકાશયાન માત્ર એક તસૂની ખામીને લીધે નિષ્ફળ જતું હોય છે અને કરોડોનું નુકશાન થતું હોય છે. જ્યારે સફળતા પાછળ ઘણાં લોકોની સૂઝબૂઝ, ચોક્કસાઈ, ધીરજ અને ઠંડું દિમાગ વગેરે વગેરે એક સાથે કામ આવે છે એમાં નસીબને દોષ દેવો એ આપણી મૂર્ખાઈ છે.

ખેતરમાં ઊભા પાકને છેલ્લી માવજત આપવાની બાકી હોય પછી તો ખેડૂતને લીલા લ્હેર થઈ જવાના પરંતુ છેલ્લે છેલ્લે ખાતર, પાણી અને જંતુનાશકનો છંટકાવ જો યોગ્ય સમયે અને યોગ્ય માત્રામાં કરવામાં વિલંબ થાય તો પાકનો સંપૂર્ણ નાશ અને ખેડૂતની મહેનત અને માવજત ઉપર પાણી ફરી વળે છે. આવા સમયે (કુદરતનો દોષ મોટાભાગે કાઢવામાં આવે છે.)

એટલે જ મારો આગ્રહ છે કે કોઈપણ કાર્ય માટે તેની પૂર્વ તૈયારી જરૂરી છે. સાથો સાથ, ધીરજ, ચોક્કસાઈ, કાર્યનું જ્ઞાન (પણ હોવું) જરૂરી, અનુભવ એકાગ્રતા વગેરે આવશ્યક ગુણો હોય તો કોઈની તાકાત નથી કે તમને સફળતા થઈ વંચિત કરી શકે.

''નીલકંઠ'', અભિક વિહાર સોસાયટી, ભારતીય વિદ્યાલય પાસે, છાયા રોડ, પોરબંદર-૩૬૦૫૭૫,
મો. ૯૮૯૮૪૪૪૦૬૯.

---

।। વિદ્યાવૃત્ત ।।

### બી.જે.વી.એમ. કોમર્સ કોલેજના એન.એસ.એસ. સ્વયં સેવકોની પલ્સ પોલિયો અભિયાનમાં ઉમદા કામગીરી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય (બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ)ના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) વિભાગ દ્વારા પ્રિ. ડૉ. કેતકી શેઠના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પરેશ મોરધરા તથા સ્વયં સેવક સર્વશ્રી અનિકેત કાનાણી, વંદન કળથિયા, સાહિલ કુંભાણી તથા લલિત માળી વગેરે દ્વારા એલિકોન ગાર્ડન બુથ વલ્લભવિદ્યાનગર ખાતે તથા વિવિધ વિસ્તારોમાં બાળકોને પલ્સ પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા.

## હિરા-મોતી ચારોઃ રસપ્રદ લેખન સામગ્રીનો સંચય

**અમિત ચૌહાણ**

લેખક શ્રી શાંતિલાલ વી. મેકવાનનું એક સંપાદન એટલે 'હિરા-મોતી ચારો' વાચકો આઈ. કે. વીજળીવાળાના પુસ્તક વિશે તો જાણતા જ હશે! એમના એક પુસ્તકનું નામ પણ 'મોતીચારો' છે કે જે વાચકો મધ્યે ખૂબ જ વખણાયું છે. શ્રી મેકવાનને કદાચ આઈ. કે. વીજળીવાળાના 'મોતીચારા' પુસ્તક પરથી જ પોતાના પુસ્તકનું નામ 'હિરામોતી ચારો' રાખવાનું સૂઝયું હશે!

'હિરામોતી ચારો' વિશે વાત કરીએ તો કહેવું પડે કે અહીં વિવિધ અખબારો અને સામયિકોમાંથી ચૂંટેલી લેખનસામગ્રી પ્રકાશિત કરવામાં આવી છે. દરરોજ પ્રકાશિત થતા દૈનિકપત્રોમાં ઘણી એવી જાણકારી હોય છે કે જે આશ્ચર્ય જન્માવે છે. કેટલીક સામગ્રી પ્રેરક પણ હોય છે. લેખકને આવી લેખનસામગ્રીનો સંગ્રહ કરવાનો શોખ છે.

કોઈ એક સમયે કેથોલિક સામયિક 'દૂત'ના તંત્રી રહી ચુકેલા પેટલાદના જોન ડાનીસે આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે. પત્રકારત્વ અને સાહિત્યના ક્ષેત્રમાં ઘણા સંપાદનો પ્રકાશિત થયા છે. આ તમામમાં શ્રી મેકવાનનું 'હિરામોતી ચારો' કંઈક વિશેષ ભાત પાડનારુ લાગે છે. ચલણી સિક્કા કે ટપાલ ટિકિટનો સંગ્રહ કરનાર વ્યક્તિ જેમ પોતાની સંગ્રહિત વસ્તુઓનું પ્રદર્શન યોજે છે તેમ સંપાદક પણ પોતે ચયન કરેલી લેખનસામગ્રીને વાચકો સમક્ષ પુસ્તકરૂપે પ્રગટ કરે છે.

અહીં પ્રારંભે એક એવા પાદરીના સમાચાર વાંચવા મળે છેકે જે રૂ. ૧૭૫૦ લઈને લગ્ન કરી આપે છે. રોમમાં પાદરીઓ માટે ભૂવા બનવા માટેનો અભ્યાસક્રમ શરૂ થયા અંગેના સમાચાર પણ અહીં વાંચવા મળે છે. મેહંદીના કયા કયા ઉપયોગો છે તે અંગેની જાણકારી પણ અહીં પેશ કરવામાં આવી છે. 'દુનિયામાં ભલા-ભોળા માણસોના પણ દુશ્મન કેમ હોય છે' શીર્ષક હેઠળનો લેખ સરસ છે. પ્રકૃત્તિની સાક્ષીમાં સંપન્ન થયેલો લગ્નનો એક પ્રસંગ પણ અહીં પ્રકાશિત કરવામાં આવ્યો છે. ટૂંકમાં લેખકની ચેતનાને જે વિગત સ્પર્શી ગઈ તે અહીં વાંચવા મળે છે. આ પુસ્તક વાંચતા વાચક અવનવી જાણકારી તો પ્રાપ્ત કરશે જ; સાથે સાથે સંપાદકની દૃષ્ટિને પણ ઓળખી શકશે. ત્રણ પુત્રો છતાં નિરાધાર એવા એક વૃદ્ધજનનો કિસ્સો પણ અહીં આલેખાયો છે જેનું વાંચન કરતા વર્તમાન યુગની વાસ્તવિકતાનો વાચકને પરિચય થયા વિના રહેતો નથી. ૮૨વર્ષની કોઈ અબજોપતિ વ્યક્તિ ૪૦ વર્ષની એક પ્રેમિકા સાથે ઘરસંસાર માંડે ત્યારે એ કેવું લાગે! અહીં આવા જ એક સમાચાર છે કે જેમાં ૪૦ વર્ષની એક મહિલા ૮૨ વર્ષના અબજોપતિ સાથે લગ્ન કરે છે.

૫૮ વર્ષના પુટિન ૨૪ વર્ષની જિમ્નાસ્ટ અલિના કાબાએવા સાથે પરણે છે. આ સમાચારનો પણ અહીં આ પુસ્તકમાં ઉલ્લેખ છે. પ્રેમ અને કરૂણાના સાક્ષાતમૂર્તિ એવા મધર ટેરેસાની વાત પણ અહીં આલેખવામાં આવી છે. પુસ્તકમાં વાંચવા મળતું એક વિધાન કોઈપણ વાચકને ઘડીભર જકડી રાખે એવું છે. એ વિધાન છેઃ માણસ જેટલું અન્યને વધારે આપે છે, તેટલો તે વધારે શ્રીમંત બનતો જાય છે. પોલ જોસેફની કરૂણ કથની વાંચતા ખ્યાલ આવે છે કે માણસના જીવનમાં કેવા કેવા વળાંકો અને પડાવો આવી જતા હોય છે! સમગ્ર વિશ્વમાં સૌથી મોટી વયે સ્નાતકની પદવી પ્રાપ્ત કરનાર ઓસ્ટ્રેલિયાના એલન સ્ટીવર્ટ વિશે પણ અહીં ટૂંકમાં માહિતી આપવામાં આવી છે. સામાન્ય રીતે આપણે ત્યાં મા-બાપની અર્થીને પુત્રો જ કાંધ આપતા હોય છે પરંતુ જે મા-બાપને પુત્રો ન હોય અને પુત્રીઓ હોય તો શું થાય? અહીં એક એવા સમાચાર વાંચવા મળે છે કે જેમાં પુત્રીઓ એમની માને કાંધ આપે છે. ૧૦૦ વર્ષના બોડી બિલ્ડરની વાત પણ અહીં આલેખાઈ છે. થોડા સમય પૂર્વે ઝોહરા સહેગલે એમનો ૧૦૦મો જન્મદિન ઉજવ્યો હતો. તે અંગેના સમાચાર પણ અહીં વાંચવા મળે છે. ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશનની ટેકનિકથી હરિયાણાની ૬૬ વર્ષની ભતેરી દેવીએ ત્રણ બાળકોને જન્મ આપ્યો હોવાના સમાચાર પણ આશ્ચર્ય જગાડનારા છે. અહીં આણંદના ૧૦૯ વર્ષના દાદીમાની વાત પણ વાચકને વાંચવા મળે છે. એમના વખતની સોંઘવારીની વાત પણ જાણવાલાયક છે. ઓપનજેલ વિશેના સમાચાર પણ જાણવા જેવા છે. સંસારીમાંથી સંત બનેલા પુનિત મહારાજની વાત પણ સંપાદકને સ્પર્શી હોઈ એમણે આ પુસ્તકમાં તેને સમાવી છે. 'મધર્સ ડે'નો મહિમા આપણે ત્યાં ઘણો છે પરંતુ તેની સામે પિતાની એમના સંતાનો પ્રત્યે કેવી લાગણી હોય છે એ વિશે બહુ ઓછું લખાયું છે. અહીં પિતાની લાગણી અંગેનો લેખ પણ સમાવાયો છે. સામાન્ય જ્ઞાન તરીકે ઉપયોગી થઈ પડે એવી સચીન તેંડુલકરના રન અંગેની જાણકારી પણ અહીં આપવામાં આવી છે. જ્ઞાતિબંધુ વચ્ચે થતા ઝઘડાની વાત પણ અહીં આલેખાઈ છે.

---

વલાસણ, ખ્રિસ્તીમહોલ્લો, તા.જિ.આણંદ પિન. ૩૮૮૩૨૫.
ગુજરાત, મો. ૯૬૩૮૬૦૭૮૧૫

॥ લઘુકથા ॥

## રોકાણ

**નટવર આહલપરા**

શિક્ષક મનસુખભાઈ વયમર્યાદાને કારણે નિવૃત્ત. તેમને વિદાય શુભેચ્છા આપવા શાળામાં સૌ આતુર.

મનસુખભાઈ ફૂલમાળા, શાલ કે ભેટ લેવાની અનિચ્છા દર્શાવિલી. પ્રતિભાવ સાંભળવા સૌ ઉત્સુક હતા. પ્રતિભાવ શરૂ થયોઃ

કૃષ્ણ-સુદામા સાંદીપનિ આશ્રમમાં રહીને ભણતા હતા. ગુરુ અને ગુરુમાતા બંનેને વાત્સલ્ય ભાવથી સાચવતાં, જ્ઞાન આપતાં. વિદ્યાભ્યાસ બાદ વિદાયનો સમય થયો. વાતાવરણ લાગણીસભર બની જાય છે. ભવવિભોર. ગુરુ-શિષ્યના નિર્મળ પવિત્ર સંબંધોનો જોટો જડવો મુશ્કેલ છે!

મનસુખભાઈએ શાળાની માટીને સાથે ચડાવી. વૃક્ષોને ભેટયાં. પટાંગણમાં ફર્યા. ડંકીમાંથી પાણી સીંચી પીધું. આચાર્ય તથા શિક્ષકોને વંદન કર્યા. શિષ્યોને આશીર્વાદ આપી ઘરે પધાર્યાં.

ઈન્સ્યુરન્સ કંપનીનો એજન્ટ, મનસુખભાઈનો ભૂતપૂર્વ વિદ્યાર્થી રાહ જોતો બેઠો હતો.

'નમસ્તે સાહેબ, કેમ છો? મજામાં છો ને? આપ નિવૃત થયા છો એટલે મને થયું કે આપને મળું! મારી ઈન્સ્યુરન્સ કંપનીમાં નિવૃત્તિ સમયે મળેલા નાણાંનું રોકાણ કરવાથી મળતા ફાયદાઓ, લાભો વિશે સમજાવવા આવ્યો છું.''

''ભાઈ અરવિંદ, તું ભલે આવ્યો. મેં અનેક શાળાઓમાં, બેંકોમાં, ઈજનેરી, વકીલાત, ધંધો, વેપાર, સંગીત, નાટક, સાહિત્ય, સરકારી ખાતાઓમાં, દેશ-વિદેશમાં રોકાણ કર્યું છે. તમે બધા મારી ફીકસ્ડ ડિપોઝીટ છો. હું તેને ગમે ત્યારે વટાવી શકું''

'શ્રી પવનતનય' પ્લોટ નં. ૬૫ ડી/એ, વિમલનગર શેરી નં.૩,
આલાપ સેન્ચુરી પાછળ, યુનિ.રોડ, રાજકોટ-૫,
મો. નં ૯૯૭૪૦૦૯૦૪૨

॥ વિદ્યાવૃત્ત ॥

### સીવીએમ યુનીવર્સિટી, ઇપ્કોવાલા સંતરામ અને સી.વી.એમ. કોલેજ ઓફ ફાઈન આટ્ર્સમાં વસંતોત્સવની ઉજવણી

ગુજરાતના મૂર્ધન્ય ચિત્રકાર શ્રી સોમાલાલ શાહનાં ઓરીજીનલ ચિત્રોનું પ્રદર્શન તેમની એકસો પંદરમી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત લલિતકલા અકાદમીના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ. જેનું ઉદ્ઘાટન ચારુતર વિદ્યામંડળના સહમંત્રી શ્રી આર.સી.તલાટી સાહેબે કર્યું હતું. ચિત્રકાર અજીતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી હિતેન્દ્ર વાળાએ ટાઈપોગ્રાફી અને પોર્ટફોલિયો મેકીંગની વર્કશોપ કરી ગુજરાતના અગ્રણી ઈલસ્ટ્રેશન આર્ટિસ્ટ શ્રી નલિન સૂચકે પોતાના અનુભવો વર્ણવ્યા અને સ્કેચનું મહત્વ સમજાવ્યું. ચિત્રકાર શ્રી પ્રશાંત પટેલ દ્વારા પેઈન્ટીંગના વિધાર્થીઓને સચિત્ર માર્ગદર્શન આપી તેમને પણ ચિત્રો કરાવ્યા. વર્કશોપના સમાપન સમારોહ માં બ્રહ્માકુમારી ચંન્દ્રાણીજી એ સર્જનાત્મકતા પર સંવાદોત્સવ ઉજવ્યો આ કાર્યક્રમ માટે શ્રી વિનય પંડ્યાનો સહયોગ મળ્યો તેણે મહેમાનનો પરિચય પણ આપ્યો. ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આટ્ર્સ વડોદરા કેન્દ્ર દ્વારા ફિલ્મોત્સવ પ્રવાહનું આયોજન કર્યું. જેમાં મૂર્ધન્ય ચિત્રકાર શ્રી કે.જી.સુબ્રમણ્યમ ની દસ્તાવેજી ફિલ્મનું નિદર્શન થયું, આ પ્રસંગે સેન્ટરના નિયામક અને આંતર રાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત મોહિની અટ્ટમનાં નૃત્યકાર ઐશ્વર્યા વારીઅર અને સહ સંચાલિકા કનીકા મંડોલ પધાર્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રી સલિલ દલાલ ઉપસ્થિત રહ્યા હતા તેમણે આ ઉપક્રમ ને બીરદાવ્યો અને ફાઈન આટ્ર્સ કોલેજમાં ચાલતી પ્રવૃત્તિઓને વખાણી હતી. શ્રી અભિજીત વ્યાસે વસંતોત્સવ નિમિત્તે ક્લિકોત્સવમાં ફોટોગ્રાફી વિશે વર્કશોપ કરી. શ્રી જયંત પરીખ વડોદરા થી પધાર્યા તેમણે સચિત્ર માર્ગદર્શન આપી સર્જકતા માટે ઉત્સુક વિદ્યાર્થીઓમાં નવ્ય ઊર્જા નો સંચાર કર્યો. શ્રી પરમ ગજ્જરે વિદ્યાર્થીઓ સાથે નિરીક્ષણ અને સર્જન વિશે સંવાદ કર્યો. શ્રી વિવેક કાણે એ સમય સૌંદર્ય અને કલા વિશે સદ્રષ્ટાંત સમજાવ્યું હતું શ્રી ડૉ.જ્યોતિષ જોશી સંસ્કૃતિ વિશે વિષદ વાર્તાલાપ કરી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કલાવિમર્શ ની કેડી કંડારી ભારતીય કલા મૂલ્યોની પરખ કરાવી, આ પ્રસંગે ડૉ. મેઘના શર્માનું વ્યાખ્યાન, બહુભાષીય કાવ્ય પાઠનું આયોજન ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ કવિ સર્વશ્રી હરીશ મીનાશ્રુ, એવાં જ કવિ શ્રી જયેન્દ્ર શેખડીવાળા, શ્રી વિવેક કાણે, શ્રીમતી ડૉ. દિપ્તી ગાંગુલી, શ્રીમતી સોનિયા ગૌડ, ડૉ.મેઘના શર્મા જેવા કવિઓ સાથે કોલેજના વિદ્યાર્થીઓ એ પણ પોતાની રચનાઓ રજૂ કરી

॥ પ્રતિભાવ ॥

(નર્મદ ચંદ્રક સ્વીકાર વેળાનો હૃદયભાવ. સુરત)

## જીવનનું બળ, શબ્દનો સાથ

**મનસુખ સલ્લા**

સમારંભના અધ્યક્ષ માનનીય પ્રફુલ્લભાઈ દેસાઈ, શ્રી પ્રજ્ઞાબહેન વશી, શ્રી દિલીપભાઈ દેસાઈ, અન્ય હોદ્દેદારો, પધારેલા પ્રબુદ્ધજનો, લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભાઈઓ અને બહેનો,

આજે સૌથી પહેલું સ્મરણ થાય છે જેમના નામ સાથે આ ચંદ્રક જોડાયેલો છે એ વીર કવિ નર્મદનું. નર્મદે ગુજરાતી સાહિત્યમાં એટલાં બધાં નવપ્રસ્થાન કરેલાં છે કે ગુજરાતીભાષીઓ કાયમ તેમના ઓશિંગણ રહેવાના. કવિતા, નિબંધ, વિવેચન, ચરિત્ર, શબ્દકોશ અને તત્કાલીન પ્રજાજીવનમાં જે નવા ઉન્મેષો જન્માવ્યા તે સઘળું આદર પ્રેરક છે. કારણ કે અતિ ટાંચા સાધનો, આર્થિક મૂંઝવણો અને એકલે હાથે નર્મદે અનેક ગંજાવર કાર્યો કર્યા છે. સૌથી પહેલું સ્મરણ અને વંદન હું મહામના નર્મદનું કરું છું.

જેમને અગાઉ નર્મદ ચંદ્રક એનાયત થઈ ચૂક્યો છે એ ઉત્તમ સાહિત્ય સર્જકોની પંગતમાં બેસવાનું મને મળે છે એ ધન્યતાનો અનુભવ છે. એટલે આ દિવસ મારા જીવનનો યાદગાર દિવસ બની રહેશે. સાહિત્યલેખન માટે મને અગાઉ વિદ્યાગુરુ ફાઉન્ડેશનનો 'દર્શક સાહિત્ય એવોર્ડ' અને ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કારો મળી ચૂક્યા છે, પરંતુ નર્મદ ચંદ્રક મારે માટે વિશિષ્ટ ઘટના છે.

એક કારણ તો એ છે કે આ ચંદ્રકનું ગુજરાતી સાહિત્યમાં અનેક રીતે માહાત્મ્ય છે. એની પસંદગીમાં જે તાટસ્થ્ય જળવાય છે અને ગુણવત્તાની કાળજી લેવાય છે એથી નર્મદચંદ્રકની ઊંચી શાખ છે. આવા નોંધપાત્ર ચંદ્રક માટે મારું ચરિત્રનિબંધોનું પુસ્તક 'તુલસીક્યારાના દીવા' નિમિત્ત બન્યું એનો મને આનંદ છે.

સર્જકને પ્રતિભાવની અપેક્ષા રહે જ છે. આપણું લખેલું કોઈકને ગમ્યું એમ જાણીએ છીએ ત્યારે બે બાબતોની તૃપ્તિ થાય છે : (૧) ઉમાશંકરની ભાષામાં કહું તો 'આપણો પાડેલો શબ્દ સાર્થક થયો' એની તૃપ્તિ થાય છે. (૨) આપણો ભાવ, આપણો વિચાર, આપણું જીવન વિશેનું આકલન, આપણું જીવન વિશેનું સ્વપ્ન અન્ય સુધી પહોંચ્યા એની તૃપ્તિ થાય છે.

એ તૃપ્તિની સામાજિક માન્યતા એટલે પુરસ્કાર, એવું હું ગણું છું. આવી જાહેર સ્વીકૃતિ લેખકને બીજા અનેક ભાવકો સુધી પહોંચાડવામાં પણ સેતુરૂપ બને છે.

આ પ્રસંગે મારા લેખનકાર્ય વિશે બે શબ્દ કહું તો એ પ્રાસંગિક ગણાશે.

મૂળે હું સંવેદનાનો માણસ છું. કોઈનીય પીડાથી હું હલી જતો હોઉં છું અને કોઈક કાંઈક વિશેષ રીતે પ્રગટ કરે તો એનો આનંદ અનુભવતો હોઉં છું. આવું હૈયું મળ્યું એને હું સદ્‌ભાગ્ય ગણું છું. જીવનવ્યવહારોમાં પણ મને તો એનાથી ઉત્તમ પ્રાપ્તિ થઈ છે - ખાસ કરીને વિદ્યાર્થીઓ અને નિકટજનોમાં.

મને યાદ આવે છે કે છઠ્ઠા ધોરણમાં મેં એક નાટક લખેલું. ગામમાં ભવાયા રમતાં જોયેલા એનું એ અનુકરણ હતું. પરંતુ શબ્દ સાથેનો સંબંધ ત્યારથી શરૂ થયેલો. કંઈક સૂઝે એટલે એને શબ્દમાં મૂકવાનું મન થાય. એમાં ઉત્તમ કૃતિઓના વાંચનસાતત્યથી લેખનરીતિ અને ગદ્ય વિશેની સભાનતા વધતી રહી.

મારી માધ્યમિક શાળા, લોકશાળા ખડસલીમાં મારું નિબંધલેખન શરૂ થયું. ત્યારે સભાનતા ઓછી અને મુગ્ધતા વધુ હતી. ખડસલીનું સાહિત્યિક ભાવાવરણ મને ઘણું ઉપકારક બન્યું છે. લોકભારતી સણોસરાના સ્નાતકના અભ્યાસ દરમિયાન મારું વાર્તાલેખન શરૂ થયું. ત્યારે હૃદયભાવને શબ્દમાં ઊતારવાની મૂંઝવણ અને ઉતારી શકાયાની તૃપ્તિ એ બંનેનો અનુભવ સાથે જ થયો. ગુજરાત વિદ્યાપીઠના એમ.એ.ના અભ્યાસકાળે (૧૯૬૫-૬૭) મને અમદાવાદની પ્રફુલ્લિત એવી સાહિત્યિક આબોહવાનો ગાઢ સ્પર્શ થયો.

મેં એક જગ્યાએ ૩૬ વર્ષ કાર્ય કર્યું છે - લોકભારતી સણોસરામાં. લોકભારતીના મહાન ગુરુઓ અને સર્જકો મનુભાઈ પંચોળી 'દર્શક', મૂળશંકરભાઈ મો. ભટ્ટ, ન.પ્ર. બુચ અને બીજા અનેક ઉમદા ગુરુજનોના સહવાસમાં રહેવાનું, વાંચવાનું, વિચારવાનું, સમજવાનું અને એને પ્રગટ કરવાનું મળ્યું એ જીવનનો પરમ લહાવો છે. જો કે હું લોકભારતીની વિદ્યાર્થીઓ સાથેની જવાબદારીઓમાં એવો ગળાડૂબ રહ્યો કે લેખનની ઉપેક્ષા પણ થઈ. એટલે લખાયું ઓછું. ખરું લખાયું નિવૃત્તિ પછી. મને લખવા માટે ખરી મોકળાશ મળી અમદાવાદમાં.

એક ઘટનાએ મને ચરિત્રનિબંધ લખવા તરફ ગંભીરતાથી વાળ્યો. ગુજરાત સાહિત્ય અકાદમીએ ચરિત્રાત્મક પુસ્તકોના નિર્ણાયક થવા માટે મને ૫૮ પુસ્તકો મોકલી આપ્યાં. મને એવી અંગત સલાહ પણ મળી હતી કે, 'બધાં પુસ્તકો વાંચવાની જરૂર ન હોય.' પરંતુ મેં

એમ.એ.નો વિદ્યાર્થી પરીક્ષા માટે વાંચે એવી નિષ્ઠાથી તમામ પુસ્તકો વાંચ્યાં. બધાં પુસ્તકો વિશે નોંધ પણ કરી.

મને આશ્ચર્ય થયું કે જેમને ચરિત્રનિબંધ કે જીવનચરિત્ર લખતાં નહોતું આવડતું, ગદ્ય વિશે સભાનતા કે સમજ નહોતી, ભાષાના સૌંદર્ય કે અસરકારકતાની જાગૃતિ નહોતી એવા લોકોએ ભરપૂર લખ્યું હતું, છપાવ્યું હતું. ત્યારે મને લાગ્યું કે 'મારે લખવું જોઈએ. હું અવશ્ય સારું લખી શકીશ.' આ ઘટનાએ લખવા માટે મને-મોટો હેતુ આપ્યો. આમાંથી મારું ચરિત્રનિબંધ લખવાનું શરૂ થયું.

ચરિત્રનિબંધ એ વિગતોનો ખડકલો નથી, પરંતુ રેખાઓ દ્વારા વ્યક્તિત્વની ઓળખ છે. વ્યક્તિત્વને પારખવા તેનાં મૂળિયાં ઉકેલવા પડે છે. વૃક્ષ માટે કહેવાય છે કે એનાં મૂળિયાં જેટલાં ઊંડાં અને ફેલાયેલાં એટલું વૃક્ષ બહાર ઊંચું જાય અને ફેલાય છે. વ્યક્તિનું પણ એવું છે. એવા વ્યક્તિત્વને શબ્દ દ્વારા આકારિત કરવું એ પ્રમાણમાં દોહ્યલું છે. વિગતો નહીં, વ્યક્તિત્વની ખુશબો અનુભવાય એ સર્જક સામેનો પડકાર હોય છે. ગુજરાતી ભાષામાં એનું સરસ ખેડાણ થયું છે. એ પંગતમાં બેસવા મળે એ જ સદ્ભાગ્ય ગણાય.

ચરિત્રનિબંધનો મારો પ્રથમ સંગ્રહ 'જીવતર નામે અજવાળું'માં લોકભારતીના ગુરુજનો અને પરિવારજનો જ મુખ્ય છે. જેમની સાથે હું જીવ્યો હતો તેમને સહેજ દૂર જઈને જોયાં, પારખ્યાં અને અનુભવ્યાં છે. જે સંગ્રહ 'તુલસીક્યારાના દીવા' નર્મદ ચંદ્રકનું નિમિત્ત બન્યો છે એને વિષે કાંઈક કહેવું પ્રસ્તુત ગણાશે.

પુસ્તકનું નામ તો છેલ્લે નક્કી થયું. પરંતુ જે વ્યક્તિત્વો વિશે મેં લખ્યું છે તેમનાં જીવનમાં તુલસીક્યારાની પવિત્રતા અને દીવાની પ્રકાશમયતા છે એમ મને લાગ્યું છે. સરેરાશ જીવન કરતાં વિશિષ્ટ, આગવું, અસામાન્ય જીવવું એટલે અન્ય માટે જીવવું, સમર્પણભાવથી જીવવું, પોતાનું ઉત્તમ સમાજ માટે યોજવું. એટલે આમાં મોરારીબાપુ, ઉમાશંકર જોશી, નારાયણ દેસાઈ જેવાં વ્યક્તિત્વો છે, તો ભાણીબેન અને બિંદુ - પાર્થેશ જેવાં પણ છે.

વ્યક્તિત્વની અસામાન્યતા પદ કે પ્રતિષ્ઠામાં નહીં, પણ જીવન પ્રત્યેની નિષ્ઠામાં છે. અહીં આલેખાયેલી વ્યક્તિઓ જીવન નિષ્ઠાનાં દષ્ટાંતો છે.

એટલે ભાણીબેન જેવાં લોકભારતીના ઘઉં સંશોધન વિભાગમાં કામ કરનાર મજૂર બેન પાસે આખા વિભાગની ચાવી રહી શકે છે. સંસ્થાની જરૂર હતી તો ત્રણ મહિના ઘરથી દૂર માઈધાર રહીને ઘઉં સાચવ્યાં અને એ પણ એવી સમજ સાથે કે ''કોઈકે તો સાચવવું જોઈએ ને?'' ભાણીબેન હતાં તો મજૂર, પણ બે શિક્ષકથી પણ ચડે એવાં હતાં. એ ભણેલાં નહોતાં, પરંતુ જીવનનું ગણિત ગણેલાં હતાં. એટલે પતિએ બીજી બાઈ કરી તો પતિને મૂકીને, બે દીકરાને લઈને પિયર આવતાં રહ્યાં. પરંતુ પતિના મૃત્યુ પછી શોક્યને અને એમનાં સંતાનોને સાચવી લીધાં.

ઝીણાભાઈ દરજી આખું બોલવા માટે જાણીતા હતા. લોકોને એવું જ યાદ રહે છે. પરંતુ ઝીણાભાઈ જુગતરામકાકાની કોઢમાં ઘડાયેલા હતા. તેમની ઉપાસના છેલ્લા માણસના સુખમાં અને સગવડમાં વધારો થાય એ હતી. તેઓ સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ થયા. તેમની કાર્યપદ્ધતિ જાણવા જેવી છે. રોડ અને વીજળીના અધિકારીઓને બોલાવીને ટેબલ ઉપર નકશો પાથરીને કહે, 'અહીં સુધી રસ્તો છે, વીજળીના થાંભલા છે.' બીજા બીજા બિંદુ પર આંગળી મૂકે કહે, 'અહીં સુધી રોડ અને વીજળી પહોંચાડવાનાં છે.'

અધિકારીઓ કહે, 'એમ લાઇન બહાર કામ ન થઈ શકે.' ઝીણાભાઈ કહે, 'એ પછાત ગામમાં આશ્રમશાળા થવાની છે.' ત્યાં આદિવાસીઓનાં બાળકો ભણવાનાં છે.' પેન્સિલથી લીટી કરી બે બિંદુઓને જોડતાં કહે, 'કેમ કરવું એ તમે જાણો. આ કરવાનું છે.' અને કામ થયું. ઝીણાભાઈ જીવનભર ભાંગ્યાના ભેરુ બનવા માટે બાખડતા રહ્યા. અનેક રીતે અસામાન્ય કામો તેમણે કર્યાં. દર્શક ફાઉન્ડેશનનો ગ્રામપુનર્રચનાનો એવોર્ડ તેમને આપવાનું નક્કી થયું તો અસ્વીકાર કરતાં તેમણે લખ્યું, 'હું સેવક છું. સ્વાતંત્ર્ય સૈનિકનું પેન્શન પણ નથી લેતો. મારાથી સેવાના બદલામાં એવોર્ડ ન લેવાય.'

બિન્દુ ઝાલા લોકભારતીના કાર્યકરની દીકરી છે. ત્યાં જ ઊછરી - ભણી - મૂલ્યો દૃઢ થયાં. પાર્થેશ પંડ્યા નામના બ્રાહ્મણ યુવક સાથે લગ્ન કર્યા. કુટુંબનો વિરોધ ન ગણકાર્યો, પણ સ્નેહ જાળવ્યો. તેણે શાળામાં અસામાન્ય પ્રયોગો કર્યા છે. રાતદિવસ શિક્ષણના કામમાં ડૂબેલી છે. તેણે પોતાનું સંતાન નહીં હોય એવું નક્કી કર્યું છે. કારણમાં કહે છે, 'મારે એક છોકરાની માતા નહોતું થવું, એટલે મેં ૧૫૦ છોકરાંની મા થવાનું નક્કી કર્યું. બસ.'

કવિ ઉમાશંકરભાઈ ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં 'નાનાલાલ મધુકોષ' ભણાવે. હું ગૂજરાત વિદ્યાપીઠમાં એમ.એ.નું ભણું. વર્ગમાં બેસવા દેવાની સંમતિ માગવા ઉમાશંકરભાઈની ચેમ્બરમાં ગયો. મળ્યો. બરાબર આંખ નોંધીને મને કહે, 'હું ફી લીધા વિના કોઈને ભણાવતો નથી.' મેં કહ્યું, 'જે ફી થતી હશે તે ભરી દઈશ.' તો ઉમાશંકરભાઈ દૃઢતાથી બોલ્યા, 'મારી ફી છે વર્ગમાં નિયમિત આવવું. મન થયું તો આવ્યા, નહીં તો ન આવ્યા

એમ નહીં. નિયમિત વર્ગો ભરવા એ મારી ફી છે.' જોઈ શકાશે કે શિક્ષક ઉમાશંકરની કેવી ઊંચાઈ છે. કેવી રીતે તેઓ જીવનનો પાઠ શીખવે છે.

રતિલાલ બોરીસાગરના વિદ્યાર્થીઓએ તેમનું નામ જોડીને 'વિદ્યાગુરુ રતિલાલ બોરીસાગર ફાઉન્ડેશન' બનાવ્યું. ફાઉન્ડેશન ચાર એવોર્ડ આપે છે. નિઃશુલ્ક હોસ્પિટલ ચલાવે છે. દર્દી પાસેથી કેસ કાઢવાના પૈસા પણ નથી લેતા. આવા કામની પ્રતિષ્ઠા કોને ન ગમે? બોરીસાગરભાઈની સમજ એવી કે વ્યક્તિ નહીં કાર્ય મોટું છે, એટલે પોતાનું નામ રદ કરવું. ટ્રસ્ટીઓ ન માન્યા તો તેમણે મોરારીબાપુને લખ્યું. બાપુની સંમતિ મેળવી નવેસર ટ્રસ્ટ નોંધાયું 'વિદ્યાગુરુ સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન' પોતાનું નામ નીકળી ગયું ત્યારે તેમને હાશ થઈ.

આંખના ઓપરેશનના નિઃશુલ્ક યજ્ઞની પરંપરા ઊભી કરનાર વીરનગરના ડૉક્ટર શિવાનંદ અધ્વર્યુ સંસારી સાધુ હતા. જાણે દર્દી એમનો દેવ હતો. તેમણે હજારો ઓપરેશન કર્યા પણ અંદરનો રંગ ભગવો રહ્યો. આંખનું ઓપરેશન કરાવીને પાટો બાંધેલા એક દર્દીએ અધ્વર્યુ સાહેબ માટે આમ કહ્યું હતું, 'આ આભ કોને આધારે ઊભું છે? આ બધું ટકી શકે છે કારણ કે બાપુજી જેવા લોકો આ દુનિયામાં છે.' આ પ્રતિભાવ એ ડૉક્ટર અધ્વર્યુજીના કાર્યનું ખરું મૂલ્યાંકન છે.

અંબા ગોરાણી ચરિત્રનિબંધની જેટલી નોંધ લેવાવી જોઈતી હતી તેટલી લેવાઈ નથી. એનું ગદ્ય પણ નોંધપાત્ર છે. વ્યક્તિત્વના રંગોનું વૈવિધ્ય પણ ધ્યાનપાત્ર છે.

કુંવરમા મારાં બાનાં નાની થાય. ભણ્યાં નહોતાં પણ જીવતરમાંથી સમજણ તેનામાં ઊગેલી હતી. તેમની શ્રદ્ધા અડોલ હતી. મારાં બાને આશ્વાસન આપતાં તેમણે કહેલું, 'વિમળા તારે તો એક હાથે દરિયો તરવાનો છે. પણ ઠાકોરજી તારી પડખે છે. દ્રૌપદીનાં ચીર પૂર્યા તો આપણી લાજ પણ એ જ રાખવાનો. સંસાર છે તો ટાઢાઊના વાયરા તો આવ્યા કરવાના. કથામાં મેં સાંભળ્યું હતું કે ભગવાને નીંભાડામાં માટલામાં બચ્ચાની સંભાળ લીધી હતી, તો આપણી કેમ નઈ લે? ભલે ને નીંભાડો ધગધગતો હોય, આસ્થા નોં ખોવી.' આવા નિરક્ષરોમાં ભાષાનું બળ કેવું હતું તે પણ પ્રમાણી શકાશે.

નાગજીભાઈ દેસાઈ મોટા સામાજિક કાર્યકર, મોટા કેળવણીકાર. તેમણે વર્ષો સુધી પથારીમાં જીવેલા પુત્ર અવધૂતને આવી રીતે ઓળખાવેલો :

'મનસુખભાઈ, અવધૂતને કારણે હું માપમાં રહ્યો. આટલું સરસ કામ થયું, આટલો યશ મળ્યો, એથી મારો અહંકાર ફાટીને ધુમાડે ગયો હોત, પરંતુ અવધૂતને કારણે મારો અહંકાર ઓગળતો રહ્યો. એ અર્થમાં અવધૂત મારો ગુરુ છે.'

છેલ્લે, મારાં બાની હૃદયની સમજણ વિશે બે શબ્દ લખવા જરૂરી છે. અનુકરણ અને કુતૂહલથી, ખાસ તો ધુમાડા કાઢવાની લાલચથી પ્રેરાઈને, મેં બીડી પીધી. બાને ખબર પડી. સાંજે ઘેર ગયો તો જમાડ્યો. ત્યાં સુધી કંઈ ન બોલ્યાં. પછી પાસે બેસી કહ્યું, 'તારા બાપુજીની હયાતી નથી. તારે કેવા થવું એ તારી નક્કી કરવાનું છે.' અને એમની આંખો છલકાઈ પડી હતી. એ કાળે મારવું એ બહુ સ્વાભાવિક ગણાતું હતું. પરંતુ બાએ મને માર્યો નહીં. બાનાં આંસુથી મને જે સમજાયું એ બીજી કોઈ રીતે સમજાયું ન હોત. પછી જીવનભર એ વાક્ય મારી સામે દીવાદાંડીની જેમ રહ્યું છે.

આવાં વ્યક્તિત્વોના આલેખનમાં મેં ભરપુર તૃપ્તિ અનુભવી છે. આ તો થોડી દૃષ્ટાંતરૂપ ઘટનાઓ છે.

આ ચરિત્રો જે વ્યાપક સ્વીકૃતિ પામ્યાં, અનેક વાચકોએ રાજીપો પ્રગટ કર્યો, ધન્યવાદ આપ્યા, એણે મને ઘણું બળ આપ્યું છે. નવું લખવાનો ધક્કો અવશ્ય આપ્યો છે. લેખન દ્વારા વાચકના હૃદય સુધી પહોંચવાનો આવો નિર્ભેળ આનંદ કલાના પ્રદેશ સિવાય અન્યત્ર બહુ જૂજ હશે.

મારા વતનની સ્મરણકથા 'હૈયે પગલાં તાજાં' હોય કે લોકભારતીના શૈક્ષણિક અનુભવોની કથા 'અનુભવની એરણ પર' હોય, કેળવણી વિશેના લેખો 'માણસાઈની કેળવણી' હોય કે વિવેચનલેખો હોય, કે ગાંધીવિચારના ચિંતનલેખો 'ગાંધીની નજરે દુનિયા' હોય – સઘળું મે પૂરી તન્મયતાથી અને નિસ્બતથી લખ્યું છે. કોઈ પણ લખાણ બે વખત ન લખ્યું હોય તેવું બન્યું નથી. બેથી વધુ વાર લખવાનું પણ ક્યારેક બન્યું છે. એક લેખક તરીકે હું એને મારી જવાબદારી ગણું છું કે મારું લખાણ વાચકને અસ્પષ્ટ કે ગૂંચવનારું ન જ લાગે. વાચકનો લખાણમાં સીધો પ્રવેશ થવો જોઈએ. સાથે જ વાચકને એવો જીવનભાવ મળે જેથી એ અનુભવતો અને વિચારતો થાય. અલબત્ત, જ્યારે માંહ્યલો ધક્કો વાગ્યો ત્યારે જ મેં લખ્યું છે. એથી નબળા લેખનમાંથી હું ઊગરી ગયો છું.

આમાં આલેખાયેલા ચરિત્રનિબંધ વિશિષ્ટ છે, આગવા છે એવું જાણકારોનું અવલોકન નર્મદ ચંદ્રકે યથાર્થ ઠરાવ્યું છે તેની મને ભરપૂર તૃપ્તિ છે. નિર્ણાયક અને નર્મદ સાહિત્ય સભાના પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ દેસાઈ અને અન્ય સૌ હોદ્દેદારોનો હૃદયથી આભાર માનું છું. શુભેચ્છકો અને લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આટલી મોટી સંખ્યામાં આ પ્રસંગે હાજર રહ્યા એનો મને ખૂબ આનંદ છે.


---

('શબ્દસર' વર્ષ ૧૯ સળંગ અંક ૨૨૩ જાન્યુઆરી-૨૦૨૦માંથી સાભાર)

Email: mansukhsalla@gmail.com

# ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપ-૨૦૨૦

પી.ડી.શર્મા





દર વર્ષની જેમ આ વર્ષે પણ ટેનિસની પ્રથમ ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપનું આયોજન ૨૦ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી દરમિયાન ખૂબજ સફળ રીતે ઓસ્ટ્રેલિયામાં મેલબોર્ન પાર્ક મુકામે કરવામાં આવ્યું હતું. ગ્રાન્ડસ્લેમની આ પ્રથમ ટુર્નામેન્ટ હોવાને કારણે વિશ્વના બધાજ ટેનિસ ખેલાડીઓને એમાં રમવાની ખૂબજ ઉત્સુકતા હોય છે.

## ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ

આ વર્ષે પણ પુરુષોમાં સર્બિયાના **નોવાક યોકોવિચ** તથા મહિલાઓમાં જાપાનની **નાઓમી ઓસાકા ડિફેન્ડિંગ** ચેમ્પિયન તરીકે પોતાનું ટાઈટલ જાળવી રાખશે એવી બધાને આશા હતી. પરંતુ ત્રીજા રાઉન્ડમાં જ જાપાનની **નાઓમી ઓસાકા** એમેરિકાની કોકો ગૉફ સામે હારીને ટુર્નામેન્ટની બહાર થઈ ગઈ હતી. જ્યારે આ વર્ષે પુરુષોમાં સર્બિયાના **નોવાક યોકોવિચ અકલ્પનીય** રમત દર્શાવી હતી અને ફાઈનલમાં ઓસ્ટ્રીયાના ડિમોનિક થિયમને હરાવીને ટાઈટલ જાળવી રાખ્યું હતું તેમજ આઠમી વખત ઓસ્ટ્રેલિયન ઓપન જીતવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી.

## મેજર અપસેટો

આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં પુરુષોની અપેક્ષાએ મહિલાઓમાં અપસેટો વધુ સર્જાયા હતા. દા.ત. એમેરિકાની ૧૫ વર્ષની કોકો ગૉફે અમેરિકાની ખૂબજ સિનિયર પ્લેયર વિનસ વિલિયમ્સને પહેલા જ રાઉન્ડમાં હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. એટલું જ નહિ પણ કોકો ગૉફે ત્રીજા રાઉન્ડમાં જાપાનની ડિફેન્ડિંગ ચેમ્પિયન નાઓમી ઓસાકોને સીધા સેટોમાં ૬-૩, ૬-૪ થી હરાવીને અકલ્પનીય સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આ રીતે જ ચીનની વાંગ કિઅંગે અમેરિકાની ૩૮ વર્ષની લેજન્ડરી ખેલાડી સેરેના વિલિયમ્સને હરાવીને મેજર અપસેટ સર્જ્યો હતો. જ્યારે તુર્કોની ઓન્સ જાબેરે ત્રીજા રાઉન્ડમાં ડેન્માર્કની વોઝની આકીને ૭-૫, ૩-૬, ૭-૫ના સંઘર્ષ બાદ હરાવી હતી. નોઝનીઆકીનીઆ અંતિમ ગ્રાન્ડસ્લેમ હોવાથી એની કારકિર્દીનો અંત આવી ગયો હતો. એવી રીતે જ એક રિવાબ્લેકની કોરાલિના પ્લિસકોવા, જર્મનીની એંજોલિક કેર્બેર, અમેરિકાની કોકો ગૉફ, ચીનની વાંગ જેવી મહિલા ખેલાડીઓ ક્વાર્ટર ફાઈનલ પહેલા જ હારી ગઈ હતી. એટલું જ નહિ પણ વર્લ્ડ નંબર વન ઓસ્ટ્રેલિયાની એશ્લી બાર્ટો અને રોમાનિયાની સિમોના હાલેપ પણ સેમિફાઈનલમાં હારી ગયા હતા. પરંતુ આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં પુરુષોમાં કોઈ વિશેષ મેજર અપસેટો સર્જાયા ન હતા તથા ધાર્યા પ્રમાણે સ્પેનના રફેલ નડાલ, સર્બિયાના નોવાક યોકોવિચ, સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરર જેવા ખેલાડીઓ ખૂબજ સહેલાઈથી ક્વાર્ટર ફાઈનલ સુધી પંહોચી ગયા હતા. આ વર્ષે પુરુષોમાં પ્રથમ મેજર અપસેટ ઓસ્ટ્રીયાના ડિમોનિક થિયમે વર્લ્ડ નંબર વન સ્પેનના રફેલ નડાલને ક્વાર્ટર ફાઈનલમાં હરાવીને સર્જ્યો હતો.

## મુખ્ય વિશેષતાઓ

આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં મોટા પાયા પર લાગેલ બુશ ફાયરને કારણે હવા પ્રદૂષિત બનશે અને તેની સીધી અસર ખેલાડીઓના દેખાવ પર પડશે એવી ધારણા ઘણા ખેલાડીઓની હતી. સર્બિયાના લેજન્ડરી ખેલાડી નોવાક યોકોવિચ તો ઓસ્ટ્રેલિયન ઓપનની તારીખો બદલવાની પણ ભલામણ કરી હતી. પરંતુ ઓસ્ટ્રેલિયન ઓપનના આયોજકોએ અગાઉ નક્કી થયેલ તારીખો દરમ્યાન જ ઓસ્ટ્રેલિયન ઓપન આયોજિત કરી હતી. કારણકે ઓસ્ટ્રેલિયન ઓપનની તારીખોમાં ફેરફાર કરવાથી અગાઉથી નક્કી થયેલા અન્ય આંતરાષ્ટ્રીય ટેનિસ ટુર્નામેન્ટસ ઉપર સીધી અસર પડતી હતી. આ વર્ષે કદાચ ઓસ્ટ્રેલિયન ઓપન દરમ્યાન થોડાક અંશે હવા પ્રદૂષિત રહી હોય છતાં પણ સમગ્ર ટુર્નામેન્ટ ખૂબજ સારી રીતે પૂર્ણ થઈ હતી. બુશ ફાયરના અસરગ્રસ્તોને અમેરિકાની સેરેના વિલિયમ્સ અને ઓસ્ટ્રેલિયાના શેન વોર્ને આર્થિક

મદદ પણ હતી. એટલું જ નહિ પણ એક ચેરિટી ક્રિકેટ મેચનું આયોજન પણ કરવામાં આવ્યું હતુ, જેમાં ભારતના સચિન તેંડુલકરની પસંદગી કોચ તરીકે થઈ હતી.

આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં અમેરિકાની ૧૫ વર્ષીય કોકો ગૉફે ન કલ્પી શકાય તેવી રીતે શરૂઆત કરી હતી. તેઓએ પહેલા જ રાઉન્ડમાં અમેરિકાની ખૂબજ સિનિયર ખેલાડી વિનસ વિલિયમ્સને તથા ત્રીજા રાઉન્ડમાં જાપાનની ડિફેન્ડિંગ ચેમ્પિયન નાઓમી ઓસાકાને હરાવીને મેજર અપસેટો સર્જ્યા હતા. પરંતુ ચોથા રાઉન્ડમાં તેઓ અમેરિકાની જ સોફિયા કેનિન સામે હારી ગઈ હતી. ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટુર્નામેન્ટ ખૂબજ શિષ્તબદ્ધ અને શિષ્ટાચાર પ્રમાણે રમાય છે. એટલે જ આ વર્ષે ક્વાર્ટર ફાઈનલ મેચમાં ચેર એમ્પાયરને અપશબ્દો બોલવા બદલ સ્વિટ્ઝરલેન્ડના લેજન્ડરી ખેલાડી રોજર ફેડરરને ૩૦૦૦ ડોલરનો દંડ ફટકરવામાં આવ્યો હતો.

### ભારતનો દેખાવ

આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભારતની સાનિયા મિર્ઝાએ યુક્રેનની નાદિયા કિચેનોક સાથે 'વિમેન્સ ડબલ્સ'ની જોડી બનાવી હતી. પરંતુ પ્રથમ રાઉન્ડમાં જ ઈજાને કારણે ચાલુ મેચમાંથી ખસી જવું પડ્યું હતુ. ભારતના ડબલ્સ સ્પેશિયાલિસ્ટ રોહન બોપન્નાએ 'મેન્સ ડબલ્સ'માં જાપાનના ખેલાડી યાસુતાકા ઉચીયામાની સાથે જોડી બનાવી હતી. પરંતુ આ જોડીએ પણ પ્રથમ રાઉન્ડમાં જ અમેરિકાના બોબ અને માઈક બ્રાયનની જોડી સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ભારતના દિવિજ શરણે 'મેન્સ ડબલ્સ'માં ન્યુઝીલેન્ડના એર્ટમ સિટાકની સાથે જોડી બનાવી હતી અને પ્રથમ રાઉન્ડમાં સ્પેનના કારેનો બુસ્ટા અને પોર્ટુગલના જોઓ સોઉસાનીની જોડીને ૬-૪, ૭-૫થી હરાવીને સારી શરૂઆત કરી હતી. પરંતુ ત્યાર બાદ કોઈ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી ન હતી. આ રીતે આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભારતનો દેખાવ સામાન્ય રહ્યો હતો.

### વિમેન્સ સિંગલ્સ ફાઈનલ

આ વખતે ઓસ્ટ્રેલિયન ઓપનની વિમેન્સ સિંગલ્સ ફાઈનલ 'સરપ્રાઈઝ ફાઈનલ' તરીકે હતી. કારણ કે બન્ને જ મહિલા ખેલાડીઓ 'અનસીડેડ' હતી તથા બન્ને ખેલાડીઓ પહેલી જ વાર ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલ માટે પસંદગી પામી હતી. આ વર્ષે વિમેન્સ સિંગલ્સની ફાઈનલ સ્પર્ધા અમેરિકાની સોફિયા કેનિન તથા સ્પેનની ગાર્બિન મુગુરૂઝા વચ્ચે રમાઈ હતી. જેમાં ૧૪મો ક્રમાંક ધરાવતી અમેરિકાની સોફિયા કેનિને અપસેટની હારમાળા સર્જ્યા બાદ ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં સ્પેનની ગાર્બિન મુગુરૂઝાને ત્રણ સેટના મુકાબલામાં ૪-૬, ૬-૨, ૬-૨થી હરાવીને વિમેન્સ સિંગલ્સ ટાઈટલ જીતી લીધું હતુ. કોકો ગૉફ અને વર્લ્ડ નંબર વન એશ્લી બાર્ટો જેવી ધુરંધર દરાફીને પછાડી ચૂકેલી કેનિને કારકિર્દીની પહેલી જ ગ્રાન્ડસ્લેમ ફાઈનલને યાદગાર બનાવતા વિજય મેળવ્યો હતો હજુ નવેમ્બર મહિનામાં જ ૨૧ વર્ષ પૂરા કરનારી કેનિન છેલ્લા ૧૨ વર્ષમાં સૌથી યુવા વયે ઓસ્ટ્રેલિયન ઓપન જીતનારી મહિલા ખેલાડી બની હતી. છેલ્લે ૨૦૦૮માં રશિયાની મારિયા શારાપોવાએ આ સિદ્ધિ મેળવી હતી. આ જીત સાથે કેનિને અમેરિકાની નંબર વન મહિલા ખેલાડી તરીકેનું ગૌરવ પણ મેળવી લીધું છે. ૨૧ વર્ષીય સોફિયા કેનિન છેલ્લા ૧૮ વર્ષમાં સૌથી યુવા વયે ગ્રાન્ડસ્લેમ જીતનારી એમેરિકી ખેલાડી બની હતી. છેલ્લે ૨૦૦૨માં ૨૦ વર્ષની ઉંમરે સેરેના વિલિયમ્સે યુ.એસ. ઓપન જીત્યું હતુ.

### મેન્સ સિંગલ્સ ફાઈનલ

આ વર્ષે મેન્સ સિંગલ્સની ફાઈનલ સ્પર્ધા સર્બિયાના ડિફેન્ડિંગ ચેમ્પિયન નોવાક યોકોવિચ તથા ઓસ્ટ્રીયાના ડિમોનિક થિયમ વચ્ચે રમાઈ હતી. નોવાક યોકોવિચ માટે આ આઠમી ઓસ્ટ્રેલિયન ઓપન ફાઈનલ હતી. જ્યારે થિયમ માટે આ પ્રથમ ઓસ્ટ્રેલિયન ઓપન ફાઈનલ હતી અને અત્યાર સુધીમાં ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં પંહોચનાર તેઓ પ્રથમ ઓસ્ટ્રીયન ખેલાડી હતા. ફાઈનલમાં નોવાક યોકોવિચે થિયમને હરાવીને આઠમી વખત ઓસ્ટ્રેલિયન ઓપન જીતવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. કારણ કે અત્યાર સુધી ટેનિસ જગતમાં આઠ વખત ઓસ્ટ્રેલિયન ઓપન જીતનાર તેઓ એકમાત્ર ખેલાડી છે. ફાઈનલમાં યોકોવિચને થિયમ સામેના મુકાબલામાં ભારે સંઘર્ષ કરવો પડયો હતો અને તેને મેચ દરમિયાન સારવાર પણ લેવી પડી હતી. જોકે મેચમાં ભારે મક્કમતાપૂર્વક પુનરાગમન કર્યું હતુ અને ટાઈટલ જીતી લીધું હતુ. આ તેઓની કારકિર્દીનું ૧૭મું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ હતું. આ વિજય સાથે તેઓએ એ.ટી.પી.રેન્કિંગમાં ફરી નંબર વનનો તાજ પણ સુનિશ્ચિત કર્યો હતો.

## છેલ્લા દસકાના ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતાઓ

નીચે ઓસ્ટ્રેલિયન ઓપનના છેલ્લા દસકાના વિજેતાઓની વિગત આપવામાં આવી છે. આશા છે કે આ વિગત દરેક વાચકને ખૂબજ રસપ્રદ લાગશે.

| વર્ષ | પુરુષો | દેશ |
|---|---|---|
| ૨૦૧૧ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૨ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૩ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૪ | એસ. વાવરિન્કા | સ્વિત્ઝરલેન્ડ |
| ૨૦૧૫ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૬ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૭ | રોજર ફેડરર | સ્વિત્ઝરલેન્ડ |
| ૨૦૧૮ | રોજર ફેડરર | સ્વિત્ઝરલેન્ડ |
| ૨૦૧૯ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૨૦ | નોવાક યોકોવિચ | સર્બિયા |

| વર્ષ | પુરુષો | દેશ |
|---|---|---|
| ૨૦૧૧ | કિમ ક્લા ઈસ્ટર્સ | બેલ્જિયમ |
| ૨૦૧૨ | વિક્ટોરિયાએઝારિન્કા | બેલારૂસ |
| ૨૦૧૩ | વિક્ટોરિયાએઝારિન્કા | બેલારૂસ |
| ૨૦૧૪ | લીના | ચીન |
| ૨૦૧૫ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૬ | એંજેલિકકેર્બેર | જર્મની |
| ૨૦૧૭ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૮ | કેરોલિન વોઝ નિઆકી | ડેન્માર્ક |
| ૨૦૧૯ | નાઓમી ઓસાકા | જાપાન |
| ૨૦૨૦ | સોફિયા કેનિન | અમેરિકા |

B-1 Swiss Avenue, Patel Colony, Opp Manekbaug Hall, Ambawadi, Ahmedabad-380 015. (R) 079-26564650 (M) 9898870840

।। વિદ્યાવૃત્ત ।।

### નલિની આર્ટ્સ કોલેજમાં સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના NSS વિભાગ દ્વારા આચાર્ય ડૉ. એમ. જી. મન્સુરીના માર્ગદર્શન હેઠળ સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતિની ઉજવણીના ભાગ રૂપે ''યુવા ચેતના'' કાર્યક્રમનું આયોજન આઇ.ક્યુ.એ.સી.ના કોર્ડીનેટર ડૉ.એન.કે.બારોટની અધ્યક્ષતમા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભૂપેન્દ્ર ગજેરાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે વિસરાતા જતા વીર પુરુષોના જીવનની ગાથા યુવા પેઢીને નિર્માલ્ય અને નિસ્તેજ થતાં બચાવી શકે તેમ છે. સુભાષબાબુ ભારતના ઈતિહાસનું એક અમર વ્યક્તિત્વ છે, જેમણે દેશની આઝાદી માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું અને યુવાઓમાં દેશદાઝ જગાવવાનું કાર્ય કર્યું.

ડૉ. એન.કે.બારોટે અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતા સુભાષચંન્દ્ર બોઝને યુવા ચેતનાનાદ્યોતક ગણાવી તેમના જીવન પ્રસંગોને ઉલ્લેખ્યા હતા. કોંગ્રેસ સાથેનો સંબંધ અને વિચારભેદની ચર્ચા કરી હતી, વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આપણો ઇતિહાસ એટલો ભવ્ય છે કે આપણો ખરો આદર્શ તેમાંથી આપણને મળી રહે તેમ છે.

કાર્યક્રમના અંતે ડૉ. એમ.એસ.પરમારે આભાર દર્શન કર્યું હતું તથા ડૉ. નીરૂબેન પટેલે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું. પ્રોગ્રામ ઓફિસર ડૉ. બી.એમ.ગજેરા, ડૉ. નીરૂબેન પટેલ, ડૉ. એમ.એસ.પરમાર, ડૉ. પ્રિયંકા ચૌહાણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## એમ. એસ. યુનિવર્સિટી ખાતે આયોજિત એનઆઈસીમાં એનવિપાસ કોલેજના વિદ્યાર્થીનો ઉત્કૃષ્ટ દેખાવ

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા ખાતે ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગાંધીનગર અને સ્ટેટ એન.એસ.એસ. સેલના સંયુક્ત ઉપક્રમે એક ભારત શ્રેષ્ઠ ભારત થીમ પર એક નેશનલ ઈંટિગ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દેશભરની સોળ યુનિવર્સિટીના આશરે બસો જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ એન.આઈ.સી.માં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરનું પ્રતિનિધિત્વ કરનાર દસ વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીઓ શિવાંગ પંડિત અને કુ. જાગૃતિ જંગલે ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝમાં અભ્યાસ કરે છે. શિવાંગ પંડિતે વકતૃત્વ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને પ્રથમ ક્રમાંક પ્રપ્ત કર્યો હતો. પ્રસ્તુત તસવીરમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષી, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. અર્ચના શાહ, વિદ્યાર્થીઓ શિવાંગ પંડિત અને કુ. જાગૃતિ જંગલે, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. તેજસ ઠક્કર, પ્રા. કાર્તિક જગતાપ અને ડૉ. ધનંજય ધ્રુવ દ્રશ્યમાન થાય છે.

## સેમકોમ કોલેજ નો ૨૩ મો વાર્ષિક ઉત્સવ યોજાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજનો ૨૩ મો વાર્ષિક ઉત્સવ તારીખ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ કોલેજના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના પ્રમુખ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનિયર શ્રી ભીખુભાઈ પટેલે હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. ધ્રુવીકરણ વિશેની તેમની નવી દ્રષ્ટિએ ચારુતર વિદ્યામંડળને યુનિવર્સિટી બનાવવા અંગેના વિચારને જન્મ આપ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન આણંદ(GCMMF)ના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી કિશોર ઝાલા હાજર રહ્યા હતા. જ્યારે ચારુતર વિદ્યામંડળના ઉપ પ્રમુખ મનિષભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળના જોઇન્ટ સેક્રેટરી શ્રી મેહુલભાઈ પટેલે હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

આચાર્યશ્રી ડૉ.વહિદા થોમસ એ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરી વર્ષ ૨૦૧૯-૨૦ નો શૈક્ષણિક અહેવાલ રજૂ કર્યો હતો, વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપ-પ્રમુખ ડૉ. સ્વાતી પર બે વર્ષ દરમિયાન યોજાયેલી બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. મિ.કિશોર ઝાલાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થી ઓએ સમયને મહત્ત્વ આપવું જોઈએ અને સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો જોઈએ. ગુણવત્તા, અખંડિતતા પર ક્યારેય સમાધાન ન કરવું જોઈએ અને દરેકે પ્રામાણિકતા એ જ શ્રેષ્ઠ નીતિ એવું અપનાવવું જોઈએ.

આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને પુરસ્કારથી નવાઝવામાં આવ્યા હતા, જેમાં ૪૫ વિદ્યાર્થીઓને પ્રથમ સ્થાન માટે પુરસ્કાર મળ્યા હતા અને ૫૫ વિદ્યાર્થીઓને દ્વિતીય સ્થાન માટે પુરસ્કાર મળ્યા હતા.કોલેજ બહારની સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને પણ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. બેસ્ટ સ્ટુડન્ટ ગર્લ્સ એવોર્ડ દિલપ્રીત સૈનીના ફાળે ગયું હતું, બેસ્ટ સ્ટુડન્ટ બોઈઝનો એવોર્ડ લવ ભાગવાનીના ફાળે ગયું હતું. સેમકોમ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મિ. કુશ પટેલને એનલાઈટેન્ડ એલુમનાઈ એવોર્ડ અને મિ. રોનક શાહને એક્સેલશીયર એવોર્ડથી કોલેજ માટેના યોગદાન બદલ નવાઝવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓના ઘડતરમાં વાલીઓની મહત્ત્વની ભૂમિકાને ધ્યાનમાં લઈને ડૉ. હેમંત અંતાણીને એનલાઈટન પેરેન્ટ્સ એવોર્ડ અને મિ.દિનેશ ખન્નાને સ્ક્રોલ ઓફ ઓનર એવોર્ડ થી નવાઝવા માં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ www.samcom.ac.in કરવામાં આવ્યું હતું જે સમગ્ર વિશ્વમાં સ્થાયી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અન્ય મિત્રોએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના જી.એસ. મિસ દિશા પટેલે આભાર વ્યક્ત કર્યો હતો. આચાર્ય શ્રી ડૉ. વહિદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ તેમની સમગ્ર ટીમને સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમને સફળતા મળી હતી.

## ROAD SAFETY WEEK, Celebrated at A.D.Patel Institute of Technology (A.D.I.T)

According to the statistical reports of ministry of road transports of India, around 55 accidents are taking place and 17 people are dying every hour on Indian roads due to accidents. Moreover, a study by WHO (World Health Organization) over the major causes of mortality across the world revealed that by 2030, road accidents would be the 5$^{th}$ cause surpassing HIV and cancer. It is high time to educate and create awareness among people on safe driving habits and tratfic rules. With this objective team 'PRAYAS' a voluntary group comprising students and faculty members of A.D.Patel Institute of Technology had organized a month program for promoting road safety for the general public especially targeting school and college students. The team had organized workshops on road safety and traffic rules at various schools and colleges in Anand district. Apart from these, a blood donation camp was organized with the support of Red Cross Society, Anand. Two free medical checkup camps were organized for the autorickshaw drivers with the support of Zydus Hospitals Anand and Charutar Gas Sahkari Mandal. The team also had joined hands with district traffic police and RTO Anand for promoting road safety among commuters. This included assisting traffic police in traffic management at busy junctions, distribution of leaflets that carry messages on road safety and convincing of two wheeler drivers for wearing helmets and four wheeler drivers for wearing seat belt. The team 'PRAYAS' is led by Dr. Ajith Tom James, Associate Professor, Automobile Department, ADIT and supported by Prof. Bala Dutt, Prof. Vaishal Banker and Prof. Axay Shah. The student team is led by Mr.Himanshu Zalavadiya and Dhruval Vaidya. There are around 30 active student members in the team. The team volunteer to organize workshops on road safety for various organizations free of cost and one can contact the team for organizing the same at your place.

**। વિ-વિદ્યાનગર । માસિક અંગેનું માહિતીપત્રક ફોર્મ- ૪**
**(નિયમ - ૮ મુજબ)**

૧. પ્રકાશન સ્થળ : વલ્લભ વિદ્યાનગર

૨. પ્રકાશનની સામયિકતાઃ માસિક

૩. મુદ્રક : લજ્જા પબ્લિકેશન્સ વલ્લભવિદ્યાનગર, આણંદ

૪. પ્રકાશકનું નામ : ડૉ.એસ.જી.પટેલ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

૫. તંત્રી : ડૉ. ઉર્વીશ છાયા
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ચારુતર વિદ્યામંડળ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

૬. માલિકનું નામ : ડૉ.એસ.જી.પટેલ
સરનામું : માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

હું, એસ.જી.પટેલ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને સમજ મુજબ બરાબર છે.

એસ.જી.પટેલ
માનદ્મંત્રીઃ ચારુતર વિદ્યામંડળ

૫ માર્ચ ૨૦૨૦

## ।। સૂચના ।।

૧. 'વિ-વિદ્યાનગર વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. । વિ । માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. । વિ । માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. **લેખ/કૃતી અંગે કોઈ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિં.**

**૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર, IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપુરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઈ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસીને મોકલવી.**

૬. 'વિ-વિદ્યાનગર દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ'ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો:

**ડૉ.ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કૉલેજ (N.V.P.A.S.), વલ્લભ વિદ્યાનગર**

| | | |
|---|---|---|
| **ઇ-મેઇલ** | : | editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com |

**-: લવાજમ :-**

| | | |
|---|---|---|
| **વાર્ષિક** | : | ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : | ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : | ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : | ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |



ચારુતર વિદ્યામંડળ સંચાલિત એ.ડી.પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલોજી (ADIT) કોલેજમાં તા. ૧૭/૨/૨૦૨૦ થી તા.૧૪/૩/૨૦૨૦ સુધી ચાર અઠવાડિયાના આંતરપ્રિનર ડેવલોપમેન્ટ પ્રોગ્રામના ઉદ્દ્ઘાટન પ્રસંગે લેવાયેલ તસવીરોમાં અતિથિ વિષેશ તરીકે સી.વી.એમ.ના સેક્રેટરી ડૉ. એસ.જી.પટેલ સાહેબ, એટલાન્ટા ઈલેક્ટ્રીકિલ્સના સી.એમ.ડી તથા જી.આય.ડી.સી-વી.યુ.નગરના પ્રમુખ શ્રી હર્ષદભાઈ મેહતા, ADIT કોલેજ ના પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંહ સાહેબ, મિકેનિકલ ડિપાર્ટમેન્ટના વડા ડૉ. મિતેષ શાહ, કોઓર્ડીનેટર પ્રો. દેવાંગ શાહ, પ્રો. મનીષા મકવાણા તથા કો-કોઓર્ડીનેટર પ્રો. પરેશ મોઢા દશ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી, રોટરી ક્લબ, આણંદ રાઉન્ડ ટાઉન તથા અમુલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ યુથ ફેસ્ટિવલ ‘અમુલ વોલ્કેનો’માં ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ચેમ્પિયન બન્યું છે. તસવીરમાં વિજેતા વિદ્યાર્થીઓને સી.વી.એમ.નાં અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો તરફથી અભિનંદન પાઠવતા સી.વી.એમના ઉપપ્રમુખશ્રી મનીષ ભાઈ પટેલ તથા સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજિત પટેલ દશ્યમાન થાય છે. ઈન્સેટમાં ચેમ્પિયન ટ્રોફી ગ્રહણ કરતા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકગણ નજરે પડે છે.

March 2020

V-Vidyanagar 22 (3)
Published on 05.03.2020
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month



# કવિ સુંદરમ્

ત્રિભુવન દાસ લુહાર

(૧૯૦૮-૧૯૯૧)

ઉચ્છ્વાસે નિઃશ્વાસે મારી એક જ રટના હો,
તું મુજમાં તુજ ધામ રચી જા, એ શુભ ઘટના હો.

**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)